યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

દેવ—દ્રવ્ય. ચાલુ

Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

અંક ૧૪ મો. | સંવત ૧૯૮૬ ના માર્ગશીર્ષ શુદ ૬ શનીવાર તા. ૭-૧૨-૨૯ | લવાજમ છુટક નકલ અડધો આનો.

## વાતાવરણ.

### વીસમી સદીના ધર્મરસિકો—

ખંભાત યુવક સંઘ તરફથી રા. મહાસુખભાઇનું જાહેર ભાષણ રખાએલું તે સામે ત્યાંના રામભક્તોની ધ. સોસાયટી તેમજ ધર્મરસિક સોસાયટીએ સ્ટેટમાં અરજી કરી ભાષણ બંધ રખાવવા આજીજી કરી પોતાની લાગણી દુઃખાવાનો મુદ્દો આગળ ધર્યો. જાણે કે પોતેજ એકલા જૈન ધર્મના ઇજારદાર હોય અને બીજા જે કંઇ સદ્બુદ્ધિથી કરે એ બધું ધર્મવિરૂદ્ધજ હોય એવો ડોળ કરી કેટલીયે દોડધામ કરી. પણ આ બધા ધમપછાડા વ્યર્થ ગયા. સ્ટેટે ભાષણ થવા દીધું. ખુદ સુપ્રી-ટેન્ડન્ટ સાહેબે હાજરી આપી વક્તાના મુક્ત કંઠે વખાણ કર્યા. જૈન જૈનેતરની સંખ્યા હજાર ઉપર પહોંચી. આટલું નજરે જોયા છતાં કંઇ આંખ ઉઘડશે ખરી? તિમિર પડળ દૂર ખસશે ખરાં? યુવકોએ તો એટલોજ બોધપાઠ લેવો કે દ્રઢતાથી અને સેવા બુદ્ધિથી કાર્ય ધપાવે રાખવું—જરૂર વિજય તેમનોજ છે.

### દહીં દુધીઆ ઐક્યવાદીઓ—

ખંભાતી બંધુઓનું તાજેતરમાં અત્રે એક મંડળ સ્થપાયું. એમાં શ્રીમાળી—ઓશવાળ અને પોરવાડ આદિ સૌ મળ્યા. માંગરોળ સભાના હોલમાં કા. વ. ૦)) એ બંધારણ પસાર કરી, કાર્યવાહક સમિતિની ચુંટણી થઇ. 'જમણજપી'ના નામે ઉદ્દેશથી ચેળી જઇ, એક નવિન સુધારો આણી લાલગા-મના કેટલાક ભક્તોએ બંગાળુ પડાવવા પ્રયાસ સેવ્યો. આમ છતાં એ સુધારો સંગીન બહુમતિથી ઉડી ગયો. ખંભાતનો કલેશ અહીં દાખલ કરવાની બાજી ઉંધી વળી ગઈ, અને ચઢી-ભર માણસોને હોલ છોડી વિદાય લેવી પડી. અજાયબી તો એ છે કે મુખેથી સંપ-કેળવણીની વાતો કરનારા, હોટલમાં ચા વગેરે છુટથી વાપરનારા પોતાના સ્વધર્મી બંધુઓ સાથે બેસી જમવામાં કેવો વટાળ માનતા હશે કે જેથી એને માટે ખુદ ઉદ્દેશને પણ નેવે મુકતાં વિચાર સરખો કરતા નથી? આમ છતાં આમવર્ગ જાગ્રત થતો જાય છે. સંગઠન માટેની એની ભુખ ઉઘડી છે અને જો દ્રઢતાથી એ વૃત્તિને વળગી રહેવાશે તો ટુંક સમયમાંજ 'જમણજપી'ના શુદ્ર બંધનો તુટી જશે.

### મુંબઇ યુવક સંઘના સભ્યોને સુચના.

શ્રી જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા માગશર વદ ૨ બુધવાર તા. ૧૮-૧૨-૨૯ના રોજ બોલાવવામાં આવી છે. સ્થળ અને સમય હવે પછીના અંકમાં જણાવવામાં આવશે.

### સગીર જૈન બાળકોને દીક્ષા.

#### જૈન યુવક સંઘની દેશી રાજવીઓને અરજ.

મુંબઇના જૈન યુવક સંઘે વડોદરા, ભાવનગર અને મોરબીના મહારાજા સાહેબો, લીંબડી, પાલીતાણા અને વઢ-વાણના ઠાકોર સાહેબો, અને ખંભાતના નવાબ સાહેબને નીચલો તારનો સંદેશો મોકલ્યો છે—

મુંબઇનો જૈન યુવક સંઘ આપ નામદારોને એવો મજબુત આગ્રહ કરે છે કે આપ નામદારોએ આપની હદમાં જૈન સાધુઓ સગીર જૈન બાળકોને દીક્ષા ન આપે એવું જાહેરનામું બાહેર પાડવું અને જે તેનો ભંગ કરે તેને સખ્ત સજા કરવી. અત્યારને પ્રસંગે જાહેર હીતને ખાતર આવું જાહેરનામું આવશ્યક છે.

### શોકજનક અવસાન—

જામનગરના વતની પંડિત હંસરાજભાઇ સામજી ગયા કારતક વદ ૧૨ ને દિવસે ૭૬ વર્ષે દેવગત થયાના સમાચાર મળ્યા છે. મરહુમ હંસરાજભાઇ જૈન ફીલોસોફીનું તથા દ્રવ્યાનુયોગ આદિનું અપુર્વ જ્ઞાન ધરાવતા હતા, અને પોતે આંખે અપંગ હોવા છતાં છેવટની ઘડી સુધી સાધુ સાધ્વી વિગેરેને કર્મગ્રંથ વિગેરેના પાઠ દરરોજ આપતા હતા. તેઓ જૈન શાસ્ત્રનું ઉંડું જ્ઞાન ધરાવતા હતા, તે ઉપરાંત તેઓ પોતાની શાંતિ અને પરોપકારમય અને વૈરાગ્યમય જીવનથી સમસ્ત જૈન કોમમાં સન્માનનીય થઇ પડ્યા હતા.

તેઓશ્રીએ પોતાની વૃદ્ધવસ્થામાં પણ પાલીતાણા મુકામે વર્ષો સુધી રહી જૈન શ્રેયસ્કર મંડળ હસ્તક ચાલતી પાઠશાળા મારફત ઘણા સાધુ સાધ્વીઓને પોતાના જ્ઞાનનો લાભ આપ્યો હતો. તદુપરાંત તેઓ પોતાના પુત્ર પંડિત હીરાલાલને પણ વર્ષોનો વખત શાસ્ત્રીય, આગમમાં પડતી શુચો ઉકેલવામાં સહાય આપતા હતા. મરહુમ પાછળ જાહેરું કુટુંબ મુકીને દેવગત થયા છે. પ્રભુ તેના આત્માને શાંતિ બક્ષો, એજ પ્રાર્થના.

# દેવદ્રવ્ય.

( ૩ )

હવે દેવમંદિરના પુનર્ઘટના કેવી રીતે કરવી જોઇએ તેનો વિચાર કરીએ. તે પુનર્ઘટના બે રીતે કરવી જોઇએ. (૧) દેવદ્રવ્ય વિષેના સંકેતમાં ફેરફાર કરવો. (૨) મંદિર અને મૂર્તિનું પરિગ્રહ પ્રમાણ ઘટાડવું. પ્રથમ દેવદ્રવ્યનો વિચાર કરીએ. દેવદ્રવ્ય વિષે ચાલુ પ્રથા અત્યારસુધી સર્વત્ર એવી રીતે સ્વીકારાયલી છે કે દેવદ્રવ્ય નિમિત્તે એકઠું થતું દ્રવ્ય મંદિર કે મૂર્તિના નિભાવમાંજ ખર્ચી શકાય. ક્યા શુભ ખાતાની આવકોને દેવદ્રવ્યમાં ગણવી અને કોને ન ગણવી તે વિષે સ્થળે સ્થળે પ્રથાભેદ હોય છે. આ પ્રથાભેદ મંદિરતળમાં થતી આવક વિષે તો છેજ નહિ પણ કેટલાક સાધુઓએ મંદિર અને મૂર્તિનો મહિમા વધારતાં દેવદ્રવ્યનો મહિમા વધાર્યો છે. અને તે સાથે મંદિર સાથે સીધો સંબંધ નહિ ધરાવતા એવા અનેક ખાતાની આવકને દેવદ્રવ્યની કોટિમાં ગણાવવાનો પ્રયત્ન કર્યો છે. દાખલા તરીકે ઘોડિયાપારણું અને સુપનની બોલીની આવક ઘણે ઠેકાણે દેવદ્રવ્ય લેખાય છે. ઘણે ઠેકાણે પ્રતિક્રમણમાં સૂત્રો બોલવા માટે જે ઘી બોલાય છે તેની આવક પણ દેવદ્રવ્યમાં જાય છે. વરઘોડા અને મહોત્સવોની સર્વ આવક દેવદ્રવ્યમાં ઢળવાય છે. આમ દેવદ્રવ્યના મહાસાગરમાં અનેક નંગાઓ વહે છે અને આ દેવદ્રવ્યના નામે એકઠું થતું દ્રવ્ય મંદિર અને મૂર્તિનો ખર્ચ બાદ કરતાં નિરર્થક એકઠું થતું જાય છે. તે સોનું, ચાંદી, શેર અને સીક્યુરીટીમાં ફર્યા કરે છે. અને ઉચાપત કરી જનારા વહીવટદારો ન મળે અથવા તો મોટો આર્થિક વિપ્લવ ન થાય ત્યાં સુધી કશા પણ ઉપયોગ વિના વધ્યા કરે છે. જ્યારે દ્રવ્ય ખૂબ વધ્યું દેખાય છે ત્યારે દેવમૂર્તિઓ માટે રત્ન જડિત મુગટો અને આંગીઓ બનાવવામાં આવે છે, મોટા શ્રીમાનોના ઘેર ન હોય તેવી રીતે મંદિરમાં ભાત ભાતનાં કોતરકામ અને શણગારો કરાવવામાં આવે છે અને કાળે કાળે મોટા મોટા ઉત્સવો યોજવામાં આવે છે. આમ શુભ આશય નિમિત્તે નીકળતું પુષ્કળ દ્રવ્ય કાં તો નિરર્થક એકઠું થતું જાય છે અથવા આંગી મુગટના હીરા અને મોતી દ્વારા નિષ્ક્રિય બની જાય છે અથવા તો વાફની માફક ક્યાંય ઉડી જાય છે. જે પ્રવાહના પાણીમાંથી અનેક સુકા પ્રદેશો ફળદ્રુપ બનાવી શકાય તે પ્રવાહનું પાણી મુર્ખના હાથમાં આવેલ દ્રવ્ય માફક બંધાઇ રહે છે અથવા તો નકામું વહી જાય છે. જે ધોધના બળમાંથી અમાપ ઇલેકટ્રીસીટી ઉત્પન્ન થઇ શકે તેમ છે તે આપણા અજ્ઞાન અને સ્થિતિચુસ્તતાના કારણે કશા પણ ઉપયોગ વિના ચાલ્યોજ જાય છે અને લોકો તેમાંજ પોતાનું દ્રવ્ય હોમ્યે જાય છે. આ વસ્તુસ્થિતિ કોઇ પણ સમજુ કે વ્યવહારદક્ષ સમાજ ચલાવી શકેજ નહિ. આનો એકજ ઉપાય છે કે દેવદ્રવ્ય વિષે જે સંકુચિત ખ્યાલ છે તે સમાજે છોડવોજ જોઇએ અને તે દ્રવ્યનો ઉપયોગ કોઇ પણ જનકલ્યાણના કાર્ય માટે ખુલ્લો મુકાવો જોઇએ. એટલે કે દેવદ્રવ્યને સામાજિક અથવા તો સાધારણ દ્રવ્ય બનાવી દેવું જોઇએ. આમ અત્યાર સુધી ચાલતા સંકેતનો છેદ કરવો તે સંઘના અધિકારનો વિષય છે સંઘ પોતાના હસ્તક આવતી મીલકત અને દ્રવ્યનો શી રીતે ઉપયોગ કરવો તે વિષે જુના સંકેતો ફેરવી શકે છે અને નવા સંકેતો ઉભા કરી શકે છે અને નિયમ કરી શકે છે કે અત્યાર સુધી આવેલા દ્રવ્યનો પૂર્વ સંકેત અનુસાર ઉપયોગ કરવો અને હવે પછી આવતા દ્રવ્યનો ઉપયોગ નવી પ્રથા અનુસાર કરવો. આ ઉપરથી સ્પષ્ટ થશે કે આજે જે ફેરફાર કરવાનો સુચવવામાં આવે છે તે અત્યાર સુધી એકઠી થયેલ મીલકત માટે નથી કારણ કે જે સંકેતપૂર્વક જે દ્રવ્ય લેવાયું દેવાયું હોય તે સંકેતની જાળવણી કરવી એ સ્થિતિરક્ષકનું પ્રથમ કર્તવ્ય છે. અત્યાર સુધીની એકઠી થયેલી દેવદ્રવ્યની મીલકત જે મંદિરની હોય તેની જરૂર પુરતું ભલે તેમાં ખરચાય અને વધારાની મીલકત અન્ય મંદિરોના ઉદ્ધાર અને નિભાવમાં ખરચાય પણ હવે પછી થતી આવકનો પણ એવોજ વ્યય થવા દેવાય નહિ. આદીશ્વર ભગવાનના ચાર લાખના મુગટમાં ભૂતકાળનો જૈન ભલે ગૌરવ માને અને ભૂતકાળની શ્રદ્ધા ભક્તિ અને ગૌરવના ચિહ્ન તરીકે વર્તમાન કાળનો જૈન ભલે તે બરોબર જાળવી રાખે પણ ભવિષ્યકાળનો જૈન કદિ એમાં ગૌરવ માનશે નહિ કે કદિ એવા કાર્યને અનુમતિ આપશે નહિ. પ્રસ્તુત સંકેત પરિવર્તન સામે બે પ્રકારની દલીલ રજુ કરવામાં આવે છે. એક મુર્ખાઇ ભરેલી, બીજી ડહાપણ ભરેલી.

૧ મુર્ખાઈ ભરેલી દલીલ આ પ્રમાણે હોય છે કે દેવને અર્પણ કરેલ દ્રવ્ય સામાજિક કાર્યમાં ખરચવાનું સ્વીકારવામાં આવે તો તે દ્રવ્યનો આપણા સ્વાર્થે માટેજ ઉપયોગ કર્યાનો દોષ લાગે અને મહાપાપના ભાગી થવાય. આ દલીલમાં ત્રણ પ્રકારના હેત્વાભાસ રહેલા છે. એક તો દેવને અર્પણ કરેલું દ્રવ્ય દેવનેજ કામ લાગે. એ ખ્યાલ દેવતત્વના સ્વરૂપથી વિરોધી છે જે દ્રવ્ય સાથે દેવને કશો મૂર્ત સંબંધ જોડી શકાય તેમ નથી તે દ્રવ્યનો દેવ શી રીતે ઉપયોગ કરી શકવાના હતા? બીજું દેવદ્રવ્યનો ઉપયોગ મૂર્તિ અને મંદિરમાં જો કે કરવામાં આવે તો પણ તે મંદિરનો લાભ તો આખો સમાજ જ ઉઠાવે છે અને સમાજના એક અંગ તરીકે દ્રવ્ય આપનાર પણ તે લાભનો ભાગીદાર બને છે. ત્રીજું કોઇપણ મીલકતનો ઉપયોગ સામાજિક હિત અર્થે કરવાનું કહેનાર ઉપર સ્વાર્થ બુદ્ધીનો આરોપ કરવો તે કેવળ વાણીનો છળ છે. આ હિસાબે તો મંદિરમાં નહિ અર્પેલ એવું દરેક દાન સ્વાર્થીજ ગણાશે અને નિઃસ્વાર્થ સેવા કે સ્વાર્થત્યાગમાં લેખાય એવું એક પણ કાર્ય અવશેષ રહેશેજ નહિ. દેવદ્રવ્યનો ઉપયોગ સમાજ હિતમાં કરવો એનો અર્થ એ દ્રવ્ય પોતાના ઘરમાંજ પાછું લેવા બરોબર છે એમ કહેનાર તેમજ બોલનાર જનતાની બુદ્ધિની વ્યર્થ વિડંબનાજ કરે છે. માટે આ દલીલ જો પ્રચલિત ન હોય તો જરા પણ ચર્ચા યોગ્ય છેજ નહિ.

૨ બીજી ડહાપણ ભરેલી દલીલ શાસ્ત્રીય વિરોધને લગતી છે. જે સંકેત પરાવર્તનનું અહિં પ્રતિપાદન કરવામાં આવે છે તેની સામે રૂઢીનો તો વિરોધ છેજ પણ શાસ્ત્રો પણ તેનો વિરોધ કરે છે. આનું કેમ કરવું? એ કબુલ કર્યા વિના ચાલે તેમ છેજ નહિ કે પ્રચલિત રૂઢીના સમર્થનમાં શાસ્ત્રના અનેક ઉલ્લેખો રજુ કરી શકાય તેમ છે. અને જો તેમ હોય તો પ્રસ્તુત ફેરફાર કેમ થઈ શકે? ધાર્મિક સુધારકે માત્ર શાસ્ત્રના ઉલ્લેખોના ગુલામ બની બેસવાની જરૂર છેજ નહિ. જ્યારે જ્યારે સંપ્રદાયના ભિન્ન ભિન્ન વ્યવહારમાં ફેરફાર કરવામાં આવ્યા હશે ત્યારે ત્યારે હંમેશા મૂળ પદ્ધતિનું શાસ્ત્રોએ સમર્થન કર્યું હશે અને ફેરફારો

તો તેની ઉપરવટ થઈનેજ કરવામાં આવ્યા હશે. જ્યારે સંવત્સરી પાંચમની ચોથ કરવામાં આવી હશે, જ્યારે સાધુઓએ નગ્નત્વના સ્થાને શ્વેત પરિધાનની આવશ્યકતા સ્વીકારી હશે અને મૂર્તિમાં પણ તદનુસાર અથવા તો તેથી અન્ય પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો હશે, ત્યારે તે ફેરફાર થયા પહેલાં તો તે ફેરફારને અનુકુળ એવો કોઈપણ ઉલ્લેખ શાસ્ત્રમાં હોવા સંભવ નથી એમ કહી શકીએ છતાં એવા ફેરફારો થતાજ ગયા છે. આજે આપણે દેવ પૂજામાં કેશર ન વાપરવું જોઈએ અને રેશમી વસ્ત્ર વાપરવા ન જોઈએ એમ કહીએ છીએ એનો અર્થ એમ નથી કે પૂર્વકાળના શાસ્ત્રોમાં કેશર કે રેશમી વસ્ત્રના ઉપયોગના પક્ષમાં કશો ઉલ્લેખ છેજ નહિ. સાધારણ રીતે ધાર્મિક ફેરફારો કરવાના સંબંધમાં શાસ્ત્ર વિરૂદ્ધ કશું કરવું નહિ એમ ધોરણ રૂપે હમેશા સ્વીકારવામાં આવ્યું છે છતાં ફેરફારો પણ થતાજ આવ્યા છે તો શું ફેરફારો કરનાર મહાન્ આચાર્યો જાણી જોઈને શાસ્ત્ર વિરૂદ્ધ જવું પસંદ કરતા હશે? આમ કહેવું એ પરિવર્તનકારને ખોટા માપે માપવા બરોબર છે. 'શાસ્ત્ર વિરૂદ્ધ'નો ખરો અર્થ 'મૌલિક સિદ્ધાન્તની વિરૂદ્ધ' એટલોજ થઈ શકે. આત્મા, પાપ, પુણ્ય અને મોક્ષ અને મોક્ષે જવાના માર્ગ રૂપ અહિંસા-સત્ય-અસ્તેય-બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આવા તત્વોને મૌલિક સિદ્ધાન્તની કોટિમાં મુકી શકાય. આ તત્ત્વોથી અન્યથા પ્રતિપાદન કરનાર શાસ્ત્ર વિરૂદ્ધ કથન કરે છે એમ કહી શકાય. બાકી બીજા સર્વ વ્યવહારોમાં એકજ દૃષ્ટિબિન્દુ 'કોઈપણ ફેરફારનું' નિર્ણાયક બની શકે. અને તે એ કે અત્યાર સુધી આ પ્રમાણે ચાલતું આવ્યું છે તેમાં સુચવાતો ફેરફાર પ્રસ્તુત ધાર્મિક સંસ્થાના અસ્તિત્વ કે વિકાસ માટે આવશ્યક છે કે નહિ. ખાલી ફેરફારના તરંગ ખાતર ફેરફાર નજ થઈ શકે. તેમ કરનાર અનવસ્થાના કુવામાં ડુબી મરે, પણ જ્યારે ધાર્મિક સંસ્થા સ્વતઃ ફરતા જતા કાળ સાથે અનુકુળતા સાધવા ખાતર અમુક પ્રકારના ફેરફારો માંગે છે ત્યારે શાસ્ત્રોલ્લેખના બહાના નીચે જે કોઈ તે ફેરફારની સામે પડે છે તે ધાર્મિક સંસ્થાના ઘાતનું કારણ બને છે, માટે પ્રસ્તુત ચર્ચામાં શાસ્ત્રીય વાંધો લાંબો વખત ટકી શકે તેમ નથી. કેટલાક એમ કહેશે કે દેવદ્રવ્ય તો મૌલિક વિષય છે, તેમાં તો પરાપૂર્વથી ચાલી આવતી પ્રથામાં કશો ફેરફાર થઈ શકેજ નહિ. આમ કહેનાર કરતાં જે ચાલે છે તેમાં જરા પણ ફેરફાર થઈ શકે નહિ એમ કહેનાર વધારે બુદ્ધિ સંગત બોલે છે એમ મારૂં માનવું છે. કારણ કે દેવદ્રવ્યની વ્યવસ્થા ઉપર ધર્માચાર્યોએ ભલે ખુબ ભાર દીધો હોય અને લોકમતનો તે બાબતમાં ભલે ખુબ આગ્રહ હોય તો પણ તેથી તે કાંઈ મૌલિક વિષય બની શકતો નથી. ધર્મ સાધનાનાં અનેક સાધનોમાં ભક્તિ એક સાધન ધર્મ. ભક્તિ વ્યક્ત કરવાના અનેક માર્ગોમાં મૂર્તિપૂજા એક માર્ગ. મૂર્તિપૂજા માટે મૂર્તિ ઘડવામાં આવી: મૂર્તિ રાખવા માટે મંદિરો બનાવવામાં આવ્યા. મંદિરોમાં સમુહ પૂજાનો વ્યવહાર શરૂ થયો. મોટા મોટા મંદિરોના નિભાવ-ખર્ચ માટે દ્રવ્યની આવશ્યકતા ઉભી થઈ. ભક્તિ-પ્રયુત લોકોએ દ્રવ્ય આપવા માંડયું. ભક્તિને વશ થઈને લોકો મંદિરમાં શા માટે દ્રવ્ય આપવું તે ભુલીજ ગયા અને મંદિરના ભંડાર ઉભરાવા લાગ્યા. હવે આમ એકઠા થતા દ્રવ્યનો ઉપયોગ શું કરવો તેનો સમાજે-સંઘે કાંઈને કાંઈ નિર્ણય કરવો રહ્યો, અત્યાર સુધી સૌ કોઈને એમજ ભાસ્યું કે દેવ મંદિરની આવક દેવ મંદિરમાંજ ખરચાવી જોઈએ અને તે સંકેત અનુસાર દેવદ્રવ્યની વ્યવસ્થા થતી રહી. આજે સમાજની અનેક નવી જરૂરિયાતો ઉભી થઈ છે, ત્યારે એનો એ સમાજ ફરીથી એકઠો થઈને વિચાર કરી શકે છે કે આપણે આમ એકઠા થતા દ્રવ્યને જેમ ચાલે છે તેમ નિર્જીવ પડી રહેવા દેવું અને કોઈકારણને શણગારવા પાછળજ ખરચવું કે તેના ઉપયોગના ક્ષેત્રને વિસ્તૃત બનાવી તેનાથી સીદાતા અનેક પુણ્ય ક્ષેત્રોનું સીંચન કરવું? આ તો એકઠા થતા દ્રવ્યના ઉપયોગનો સાદો સીધો પ્રશ્ન છે અને તેનો યોગ્ય નિકાલ લાભાલાભની દૃષ્ટિએ કોઈપણ સંઘ કરવાને મુખત્યાર છે. આમાં શાસ્ત્રોનો મૌલિક ભંગ ક્યાં આવ્યો? આમાં શાસ્ત્રના મૌલિક સિધ્ધાન્તોની અવમાનના ક્યાં આવી? મૂર્તિ તેમજ મંદિર સામાજિક મીલ્કત છે, તેમાં થતી આવક પણ સામાજિક મીલ્કત છે. સાધારણ રીતે મંદિરનો અન્યથા ઉપયોગ થઈ ન શકે એમ આપણે જરૂર કહીએ તો પણ અસાધારણ પ્રસંગોએ મંદિરનું મકાન પણ સમાજના ઉપયોગ માટે લઈ શકાય છે. દાખલા તરીકે ચારે તરફ આગ લાગી હોય તો માણસોને બચાવવા માટે મંદિરનો ઉપયોગ કર્યા સિવાય છુટકોજ ન રહે. મંદિરના નિભાવ માટે લોકો જોઈએ તેથી વધારે દ્રવ્ય આપે જાય તે દ્રવ્ય પડી રહે. નિરર્થક વેડફાઈ જાય તે કરતાં સમાજ પોતાના ઉપયોગમાં લઈ લે તેમાં જરા પણ અનૌચિત્ય દેખાતું નથી. આજની દૃષ્ટિએ જે સમાજ એમ ન કરે તે એકાંત જડ છે અને લાભાલાભની દૃષ્ટિ તેણે સદન્તર ગુમાવી છે એ સિવાય બીજો અભિપ્રાય ન આપી શકાય. આ સર્વ ચર્ચાનો સાર એજ કે દેવદ્રવ્યના સાર્વજનિક ઉપયોગ સામે શાસ્ત્રની દલીલ લાવવામાં આવે છે તે ખોટી છે અને ભોળા લોકોની બુધ્ધિને ભરમાવનારી છે. તેથી સમજુ સમાજ રૂઢિગ્રાહથી જેમ બને તેમ જલદીથી મુક્ત થઈને અત્યારે દુઃખી દારિદ્રય અને અજ્ઞાનનો ચોતરફ જે દાવાનળ સળગી રહ્યો છે તે ધ્યાનમાં લઈને દેવદ્રવ્યને સત્વર મુક્તિ આપવી જોઈએ. દેવદ્રવ્યનો મોક્ષ એ આજના જૈનનું સૌથી વધારે અગત્યનું કર્તવ્ય છે. [અપૂર્ણ.]

પરમાનંદ.

## "પાટણના નરકેસરી"

### સંઘવી નગીનદાસ કરમચંદને
### ખુલ્લો પત્ર નંબર ૨.

## નરકેસરી કે નરકેશ્વરી?

"લઘુતાસેં પ્રભુતા મીલે, પ્રભુતાસેં પ્રભુ દુર"

(લેખકઃ-રા. મહાસુખભાઈ ચુનીલાલ.)

મહાવીર સ્વામીના પરમ સુભટ, સેનાપતી, જૈન શીરોમોર, બારવ્રતધારી, દિપાતરપ, નરકેસરી સંઘવી નગીનદાસ કરમચંદની સેવામાં. મુકામ—મુંબઈ.

તા. ૧૫-૧૧-૨૯ ના વીરશાસનમાં રા. મધુકાંતિ આપને પાટણના પ્રતાપરાણાની ઉપમા આપી અને તા. ૨૯-૧૧-૨૯ ના વીરશાસનમાં બાણીવાળો રા. ચુનીલાલે

આપને પાટણના નરકેસરીની ઉપમા આપી આપનું બહુ બહુ માન કર્યું, અને તે સાથે પાટણના સંઘને "બાળવતી દીક્ષાને ભાંડનારા ભવૈયા, ભાનભુલેલા, નાકકટ્ટા, કુભાંગારા"–એટલેથી બસ નહીં પરંતુ તેથી આગળ વધી "બચકાં ભરનાર તથા ભસ્યા કરનાર, વાંકી પુંછડીવાળા કુતરાઓની, અને દાંતીઆં કરનાર અર્થાત વાંદરાઓની ઉપમા આપવામાં આવી. આ ઉમદા લેખ આપે કદાચ ન વાંચ્યો હોય તો તેનો સુદ્દાનો ભાગ આપને જણાવું છું. ભાઇશ્રી ચુનીલાલ લખે છે કે–

"ભાનભુલેલાઓએ ઉભી કરેલી પરિસ્થીતીની સામે શાસનપ્રેમી ધર્મવીરોની સેના સાથે, ભગવાન મહાવીર શાસનના પરમ સુભટ, સેનાપતિ શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી પડકાર કરે છે. × × × બાળવતી દીક્ષાને ભાંડનારા ભવૈયાઓને બરાબર જવાબ મળે છે. પોતાની જમાત વધારવા ઇચ્છનાર નાકકટ્ટાઓ જોઇ શકયા છે કે નાકકટ્ટા શીવાય એ જમાતમાં કોઇ ભળે તેમ નથી. × × × એવા નાકકટ્ટાઓમાં બચકાં ભરવાનો ગુણ હોય એ કુદરતી છે. બચકાં ભરનારાઓ તથા ભસ્યા કરનારા કુતરાઓને કેસરી સીંહ હસે છે. એ ગૌરવ ભર્યા હાસ્યમાં દયાની ગંગા વહે છે. એ જૈન શાસનનો અનેરો પ્રભાવ છે. એ પ્રભાવથી પાછા પડેલા વાંકી પુંછડીવાળા પ્રાણીઓ જેમ જેમ આગળ ધસે છે તેમ તેમ પોતાની જાળમાં પોતેજ ફસે છે. × × × દાંતીઆં કરનારાઓની સામે દયાની નજર ફેંકી પોતાની ટેકમાં અડગ રહેનાર એ મહાપુરૂષે પાટણના દ્વાર દીક્ષા માટે ખુલ્લા છે, એમ બાપોકાર જાહેર કર્યું છે. પાટણના નરકેસરી શેઠ નગીનદાસ કરમચંદ સંઘવી કે જેઓ સમસ્ત હીંદુસ્થાનની જૈન સમાજ, વેપારી આલમ, રાજા મહારાજાઓમાં જાણીતા છે, સન્માનીત છે. ભાવીતાત્મા છે, બાર વ્રતધારી છે, ક્રિયાતત્પર છે, જૈન ધર્મની ફીલોસોફીને સમ્યક પ્રકારે જાણે છે. તેઓશ્રીએ આ કટોકટીના પ્રસંગે માત્ર પાટણનુંજ નાક જાળવ્યું છે એમ નહીં પણ સમસ્ત ભારત વર્ષના જૈન સંઘનું નાક જાળવ્યું છે."

ઉપર પ્રમાણે રા. ચુનીલાલે આપના ગુણગાન કરી પાટણના સંઘને ગાળો ભાંડી આપને "નરકેસરી" બનાવ્યા છે. આ લેખ વાંચી મને મોટી શંકા થઇ છે કે પાટણના સંઘમાં ભાઇશ્રી ચુનીલાલના લખવા પ્રમાણે જ્યારે કોઇ નર નથી. અને બધાજ કુતરા અને વાંદરા છે તો પછી આપને નરકેસરી અર્થાત નરમાં કેસરી સમાન એવી ઉપમા શી રીતે ઘટી શકે તે સમજાતું નથી. પાટણના સંઘની તમામ વ્યકિતઓ કુતરા અને વાંદરાઓ છે તો અલંકાર શાસ્ત્રના નિયમ પ્રમાણે અને વ્યાકરણના સપ્તમી તત્પુરૂષ સમાસના ધોરણે શ્વાનકેસરી કે વાનરકેસરીની ઉપમા ઘટી શકે એમ અલંકાર અને વ્યાકરણનો અભ્યાસી કહી શકે. તો આપશ્રીને નરકેસરીની ઉપમા શી રીતે આપી તેનો ખુલાસો લેખક મહાશય પાસેથી મંગાવી લઇ વીરશાસનમાં પ્રકટ કરી મારી શંકાનું સમાધાન કરશો.

વળી બીજી શંકા એ થાય છે કે લેખકના લખવા પ્રમાણે શું આપશ્રી કેસરીસીંહ બની પાટણના સંઘરૂપ કુતરાંને જોઇને હસો છો? વળી પાટણના સંઘને દાંતીઆં કરનાર વાંદરા તરીકે ગણી તેમની સામે દયા દૃષ્ટિ કરી ટેકમાં રહો છો? શું એ વાત ખરી છે? આ સ્થળે મારે કહેવું પડશે કે જ્યાં સુધી આપશ્રી તે તરફ મૌન ધારણ કરી છો ત્યાં સુધી તે વાત ખરી માનવાને કારણ છે. તેવા ખુશામતીઆ અને આપને સાતમા આસમાને ચઢાવનાર લેખકોના એવા લેખને સંમત ન હો તો આપે જાહેર રીતે ખુલાસો પ્રકટ કરવો જોઇએ.

હવે ત્રીજી શંકા એ થાય છે કે શું છાણી ગામના સંઘે રા. ચુનીલાલને પાટણના સંઘને કુતરા અને વાંદરા કહેવાનો અધિકાર આપ્યો છે? કદાચ તેમ હોય તો છાણીના સંઘને તેવો વીવેક મુબારક હો. તે સંઘને પાટણ રીના વ્યાસરી, પણ આપશ્રી તેમના ભેગા રહી પાટણના સંઘથી વીમુખ રહી પાટણના સંઘને કુતરા અને વાંદરા કહી ગાળો ભાંડવી આપને પાલવી શકશે? દીર્ઘ દૃષ્ટિ ફેંકી વીચાર કરો.

ભાઇશ્રી નગીનદાસ! પાટણ ભૂમિના સંતાન તરીકે આપણે બન્ને બંધુ સમાન છીએ. એ બંધુભાવથી પ્રેરાઇ એક ખુલ્લો પત્ર લખી આપનું ધ્યાન ખેંચેલું છતાં હજુ આપને માનનો નીશો ઉતરતો નથી તેથી આ બીજો ખુલ્લો પત્ર લખવો પડયો છે. હજુ આપની વાહ વાહ બોલનારે અયોગ્ય દીક્ષાના હીમાયતી યંગમેન્સ જૈન સોસાઇટીવાળા આપને "ભરભર પ્યાલો પીજીએ, રંગ માણો મારા રાજ" એ પ્રમાણે માનના શરાબનો પ્યાલો–અરે પ્યાલા ઉપર પ્યાલો–આપને પાઇ માનમાં ચકચુર કરવા તનતોડ પ્રયાસ કરી રહ્યા છે તે આપનાથી નથી સમજાતું? તેમણે એક વખત આપને પાટણના પ્રતાપરાણા બનાવ્યા. હવે નરકેસરી બનાવ્યા. સોસાઇટીવાળાને સ્વાર્થ સાધવામાં બીજાને ઠીક બનાવતાં આવડે છે. તમે તો જૈન ફીલોસોફર છો. એટલે સહેલાઇથી સમજી શકો તેમ છો કે અભીમાનથી આત્માનું કલ્યાણ નહીં થતાં અધઃપતન થાય છે. "લઘુતાસેં પ્રભુતા મીલે, પ્રભુતાસેં પ્રભુ દુર" એ વાત કેમ ભુલી જાઓ છો?

ભાઇશ્રી નગીનદાસ! ભલે આપ કેસરી બની અમને વાંદરા અને કુતરા સમાન માની હસો પણ આપ હાલમાં જે વર્તન પાટણના સંઘ વિરૂદ્ધ ચલાવી રહ્યા છો તે પરથી આખા ભારત વર્ષની જૈન જનતા અને જૈનેતર પ્રજા જોઇ રહી છે કે અયોગ્ય દીક્ષાના હીમાયતી મુની મહારાજો અને યંગમેન્સ જૈન સોસાઇટીવાળા આપને મેરૂ શીખરની ટોચ ઉપર ચઢાવી ફંદામાં ફસાવી અભિમાનના નીશામાં ચકચુર બનાવી આપશ્રીને નરકેસરી નહીં પરંતુ નરકેશ્વરી અર્થાત નરકના અધિકારી બનાવવા તૈયાર થયા છે એ જૈન ફીલોસોફીથી નથી સમજાતું? પાટણના સંઘની વ્યકિતઓને કુતરા અને વાંદરા કહેવાથી અને આપને નરકેસરી કહેવાથી આપ હસો તે શું પાટણના વતની તરીકે આપને શોભે છે? જરા શરમાઓ!! અને તેવા ખુશામતીઆ લેખકોના અને સ્વાર્થી સોસાઇટીના ફંદામાંથી મુકત થાઓ. ખરા બાર વ્રતધારી અને ખરા શાસન પ્રેમી થવા માગતા હો તો કલેશમય ધમાલ છોડી દો. માનનો ત્યાગ કરો. માનથી જરૂર અધોગતિ છે ફરી આપને છેવટમાં લખી જણાવું છું કે–

"વીરા મારા ગજ થકી ઉતરો
ગજ ચડે કેવળ ન હોય રે"

એ પ્રમાણે બ્રાહ્મી અને સુંદરીએ પોતાના ભાઇ બાહુબળને આપેલો ઉપદેશ ધ્યાનમાં લો. અભિમાન રૂપી ગજ ઉપરથી ઉતર્યા પછીજ કેવળજ્ઞાન થયું હતું એ ભુલી ન જાઓ. વીસનગર ૩-૧૨-૨૯

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઇ નં. ૨

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

દેવ—દ્રવ્ય. (ચાલુ)

Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રીઃ—જમનાદાસ અમરચંદ ગાંધી.

અંક ૧૫ મો. | સંવત ૧૯૮૬ ના માર્ગશીર્ષ શુદ ૧૩ શનીવાર તા. ૧૪-૧૨-૨૯ | લવાજમ છુટક નકલ અડધો આનો.

## કોન્ફરન્સની આગામી બેઠક.

કોન્ફરન્સની બેઠકનો સમય હવે નજીક આવતો જાય છે. કોન્ફરન્સ ઓફીસ તરફની ખબરો અમે આ અંકમાં અન્યત્ર પ્રગટ કરી છે તે ઉપરથી સમાજ હાલ સુધીની હીલ-ચાલથી માહીતગાર થશે. પત્રકારોએ બેઠક સંબંધી પોતાના વિચારો પ્રગટ કર્યા છે. સમાજ ચોક્કસ સવાલોને અંગે બે ભાગમાં વહેંચાએલો છે તે પ્રસંગે પ્રમુખ તરીકે, ધર્મ તથા વ્યવહારના યોગ્ય અનુભવી, દેશ, કાળ, ભાવને ઓળખનારો, સમાજનું હિત શેમાં સમાયેલું છે તે વિષે નિડરતાથી પોતાના વિચારો જાહેર કરી સમાજને તાત્કાલિક જરૂરના માર્ગો સુચવનારો હોવો જોઇએ. કારણ કે 'વીરશાસન' પત્ર જણાવે છે કે 'આ સંઘર્ષણનો કાળ છે. બનવાજોગ છે કે બેઉ પક્ષો આ અધિવેશનને રણસંગ્રામનું ધામ માની જાણી નહીં તો હાથ ધરી પોતાનો નિર્ણય કરી લે; આજની વસ્તુસ્થિતિ એવી છે કે કયા સંજોગોમાં કોણ અહિષ્ણુતા છોડશે તે કહેવું કઠીન છે. + × + કોઇની પણ માન્યતા ધર્મ વિરૂદ્ધ કચડી નાંખશે તો અમારે કહેવું જોઇએ કે કદાચ તેજ ઘડીએ તે તેનો છેલ્લો શ્વાસ ખેંચશે." આવી ધમકીઓ વિચાર સ્વાતંત્ર્યના આ કાળમાં અસરકારક નીવડવાની નથી તેનું તેને (વીરશાસન) ભાન નથી. કોન્ફરન્સનો અર્થ સાથે મળીને વિચાર ચલાવવો, સમાજ ઉપયોગી પ્રશ્નોનો વિચાર કરી યોગ્ય લાગતા ઠરાવો કરવા, તેમાં અંગત ધાર્મિક માન્યતાને કચડવાનો સવાલ ક્યાં આવ્યો? કોઇ પણ વ્યક્તિ કોઇ અમુક સવાલને અંગે સંમત થતી ન હોય તો તેને પરાણે સંમતિ આપવા કોઇ કહેતું નથી. તે સવાલને અંગે તે વ્યક્તિ વિરૂદ્ધ મત આપી શકે છે. પણ આ ધમકી શા માટે? પોતાને તથા પોતાના પક્ષને ગમતા સવાલો ચર્ચવા ને બીજા ચર્ચવા નહિં એવીજ હુકમી ચલાવવા માટેજ આ ધમકી આપવામાં આવે છે. આવી ધમકીના કાળ ચાલ્યા ગયા છે.

કોન્ફરન્સ ભાંગી પડશે તો નવી ઊભી થશે. સુરતમાં કોંગ્રેસ ભાંગી પડી હતી તો તરતજ નવી ઊભી થઇને હજી પણ કાર્ય કરે છે. કોન્ફરન્સે શું કરવું કે શું ન કરવું તે વિષે હુકમો બહાર પાડવાનો કોઇ પણ વ્યક્તિનો હક હવે સમાજ માન્ય કરે તેમ નથી. કોન્ફરન્સના ચાલુ બંધારણ મુજબ બહુમતીથી જે કાર્યક્રમ સબજેક્ટ કમીટી મુકરર કરશે તે મુજબ કોન્ફરન્સની બેઠકમાં કામ ચાલશે. આ પરિસ્થિતિમાં પ્રમુખ તરીકે મજબુત માણસની જરૂર છે તેટલા ખાતર અમો મીરતના વકીલ કાંતિપ્રસાદજીનું નામ પ્રમુખસ્થાન માટે રજુ કરીએ છીએ. તે ભાઇની લાયકાત વિષે બે મત પડી શકે તેમ છે નહિં. પંજાબના જાહેર જીવનમાં તેમનો મોટો ફાળો છે એટલીજ તેમની ઓળખાણ પુરતી છે.

### શ્રી મુંબઇ જૈન યુવક સંઘ.

### વાર્ષિક સભા.

**ઉપરોક્ત સંઘની એક વાર્ષિક સભાની મીટીંગ બુધવાર તા. ૧૮-૧૨-૨૯ ને માગસર વદ ૨ ના રોજ રાત્રે (સ્ટા. ટા.) ૮ કલાકે પાયધુની માંગરોળ જૈન સભાના હોલમાં મળશે. તો દરેક સભ્યોને વખતસર હાજરી આપવા વીનંતી છે.**

૧ ગત વર્ષના કાર્યવાહક સમીતીએ પસાર કરેલા હીસાબ અને રીપોર્ટ પાસ કરવા.

૨ મંત્રીઓ, કાર્યવાહક સમીતી અને ઓડીટરોની ચુંટણી કરવા.

૩ મંત્રી તરફથી રજુ થતા કામકાજ ઉપર વિચાર ચલાવવામાં આવશે.

લી.

મંત્રીઓ.

તા. ક.—ઉપરની સભાના વખતે લવાજમ ચાલુ વર્ષનું જેનું બાકી છે તે સભ્યોને સાથે લાવવા વિનંતી છે.

---

જામનગરથી સોમચંદ તારાચંદ જણાવે છે કે "મારા ભાઇ સાથે ચાતુરજીને પત્ર વ્યવહાર ચાલ્યો હતો તેના પરિણામે ગઇકાલથી તેનો પત્તો લાગ્યો નથી." તેને અયોગ્ય દીક્ષા નહીં આપવા તે ભાઇએ અપીલ કરી છે.

# દેવદ્રવ્ય.

## ( ૪ )

કોઈ પણ સુધારાની સામે થનારો વર્ગ જુની પ્રથાના સમર્થનમાં હમેશાં શાસ્ત્રોનુંજ અવલંબન લે છે. દાખલા તરીકે પરદેશ ગમનનો વિરોધ કરવો હોય, અસ્પૃશ્યત્વ વિરોધની સામે પડવું હોય, સ્ત્રીઓને વધારે હક આપવાની વાત સ્વીકારવી ન હોય કે કન્યાની લેવડ દેવડનું ક્ષેત્ર વિસ્તારવાની હીલચાલને તોડી પાડવી હોય તો સૌ કોઈ શાસ્ત્રોનોજ આધાર લઈને નવા વિચારને દાબી દેવા પ્રયત્ન કરે છે. આજે શારદા બીલ જેવા સાધારણ સુધારા સામે પણ ધર્મશાસ્ત્રોજ પંડિતો અને મુલ્લાઓ ધરી રહ્યા છે. તેથી શાસ્ત્ર વિરોધની દલીલ જરા વધારે ઝીણવટથી તપાસ્યા વિના ચાલે તેમ છેજ નહિ. જ્યારે કોઈ પણ રીવાજ લગભગ આખો સમાજ સ્વીકારે છે અને સમાજના શિષ્ટજનો હિતાહિતનો વિચાર કરીને તે રીવાજને સંમત કરે છે ત્યારે તે રીવાજ શાસ્ત્રસંમત બને છે. પ્રસ્તુત રીવાજ સમાજ બંધારણને લગતો હોય તો સ્મૃતિ શાસ્ત્રોમાં પ્રવેશ પામે છે; પ્રસ્તુત રીવાજ ધાર્મિક વ્યવહાર કે સાંપ્રદાયિક બંધારણને લગતો હોય તો ધર્માચાર્યોના હાથે ધર્મશાસ્ત્રોમાં આરૂઢ થાય છે. આ રીતે શાસ્ત્રો ભિન્ન ભિન્ન કાળે પ્રચલિત પ્રથાઓની નિયમિત નોંધ રાખવાનું કામ કરે છે અને સાથે સાથે વિધિ અથવા તો નિષેધના આકારમાં તદનુસાર વર્તવાની અનુયાયીઓને આજ્ઞા કરે છે. આવી રીતે જે જે વ્યવહાર-પ્રથા-રૂઢિ કે સંકેત શાસ્ત્રરૂઢ બન્યા હોય તે સામાન્યતઃ સમાજને આદરણીય બને છે પણ આનો અર્થ એવો કોઈ નજ કરી શકે કે તે સર્વમાંથી કાંઈ પણ કોઈ પણ કાળે કોઈ પણ દિશામાં કદિ ઉલ્લંઘન થઈ નજ શકે. જનતાના પરસ્પર વ્યવહારને લગતા સર્વ રીવાજો પછી તે ધાર્મિક હો, સામાજિક હો, કે રાજકીય હો-કાળ ક્રમે જન્મે છે અને કાળ ક્રમે પલટાય છે. શાસ્ત્રારૂઢ સંકેતો અને નિયમો પરાપૂર્વથી ચાલી આવતા હોઈને તેમજ સમાજ સ્થિતિનું લક્ષ્ય ધ્યાનમાં રખાઈને ઘડાતા હોઈને મનમાં આવે તેમ તોડી કે સરજી શકાતા નથી. એ કાર્ય લાંબો વિચાર લાંબી ચર્ચા અને પુરી સમજાવટ પૂર્વક શિષ્ટ પુરુષોના હાથે સમાજની આખી પરિસ્થિતિનાં હિતાહિત ધ્યાનમાં લઈનેજ થઈ શકે. આમાં બે મત છેજ નહિ; પણ જે ચાલે તેમાં કશોજ ફેરફાર થઈ નજ શકે કારણ કે જે છે તે સર્વ સર્વજ્ઞપ્રણીત છે તે અભિપ્રાય સામેજ આપણી તકરાર છે. સર્વજ્ઞ ભવિષ્યકાળ જોઈ ન શકે તેમ મારે કહેવું નથી, પણ વ્યવહારનું નિરૂપણ તો હમેશા વર્તમાનકાળને લક્ષીનેજ કરી શકાય, તેથી આજે આપણે કાંઈપણ ફેરફાર કરવા માંગીએ છીએ તેમાં પુર્વજોના જ્ઞાન કે ડહાપણની જરાપણ અવગણના છેજ નહિ. એમજ આપણે આજે જે વસ્તુસ્થિતિ સરજી રહ્યા છીએ તેમાં ભવિષ્યની પ્રજા આપણા ડહાપણ અને દીર્ઘદૃષ્ટિ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખીને જરાપણ ફેરફાર કરવાનો વિચાર ન કરે એમ આપણે માંગતા પણ નથી. આ બાબતની આખી ચર્ચાનો સાર એ કે કોઈપણ સુધારા સામે શાસ્ત્રીય વિરોધનો વિચાર કરતાં શાસ્ત્રના કેવા તત્વો અથવા તો સિદ્ધાન્તો મૌલિક છે અને કઈ બાબતો પર્યાયશીલ અથવા તો પરિવર્તન પરાયણ છે તેનો સાચો વિવેક પ્રાપ્ત કરવો જોઈએ; બીજું વિધિનિષેધના આકારમાં રજુ થયેલી શાસ્ત્રરૂઢ અનેક બાબતો ઘણુંખરૂં અમુક અમુક કાળે લોકસંમત બનેલ રૂઢિ અને પ્રથાઓની નોંધ હોવા સિવાય વધારે મહત્વ કે આદરની અધિકારી હોતી નથી; ત્રીજું ધર્મના સ્વરૂપની રક્ષા થાય અને ધર્મ સંસ્થાનું બંધારણ જળવાઈ રહે અને ઉત્કર્ષને પામે તેવા કોઈ પણ વ્યાવહારિક ફેરફારોની આડે ધર્મશાસ્ત્રો આવી શકેજ નહિ.

દેવદ્રવ્યના સંકેત પરિવર્તન સામે કેટલાક વિચક્ષણ માણસો એમ દલીલ કરે છે કે "પરાપુર્વથી ચાલી આવતા વ્યવહારમાં એમ કાંઈ ફેરફાર થાય તેમ છેજ નહિ. અને જે બાબત શાસ્ત્રો જલ્દિથી સંમત ન કરે, સાધુઓ ન સ્વીકારે, અને શ્રદ્ધાળુ શ્રાવકો ન સાંભળે તે બાબતની ચર્ચા ઉપાડયે શું લાભ છે? આને બદલે લોકોનું અન્ય સાર્વજનિક કલ્યાણના ખાતાઓ તરફ વધારે ધ્યાન ખેંચવું, તેની આવશ્યકતા ઉપર વધારે ભાર મુકવો અને દેવમંદિરમાં પ્રમાણમાં ઓછું ખરચવાનું કહેવું એ વધારે સલાહકારક છે." આના ઉત્તરમાં જણાવવાનું કે શાસ્ત્રીય વિરોધનો તો ઉપર પુરો ખુલાસો કરી દીધો છે, સાધુઓને અત્યારના વિચારકો પાછળ ઘસડાવા સિવાય છુટકોજ નથી અને આજનો શ્રાવક પચ્ચાસ વર્ષ પહેલાંના શ્રાવક જેટલો એકાન્ત શ્રદ્ધાળુ અને વિચારબધિર છે અને કાળ બળથી મેરૂપર્વત માફક સદા અસ્પૃષ્ટ છે એમ માનવું એ ચાલુ અનુભવથી વિરૂદ્ધ છે. વળી બીજા સાર્વજનિક ખાતાઓ ઉપર ખુબ ધ્યાન ખેંચવાની સામે આપણને જરાપણ વાંધો છેજ નહિ, પણ આ વાતો અને ધંધો આપણે છેલ્લાં વીસ વર્ષથી કરતાજ આવ્યા છીએ, છતાં મંદિરના ભંડારો છલોછલ ભરાતાજ આવ્યા છે અને આપણા પરમાર્થિક દ્રવ્યનો અનેક રીતે અપવ્યય થતોજ આવ્યો છે. માટે આજે તો બીજા ખાતાઓને ઉદ્દેશીને લોકો જરૂર જેટલું આપાય તેટલું ભલે આપે પણ દેવમંદિરમાં જે દ્રવ્ય એકઠું થાય છે તેનો ચાલુ અપવ્યય અથવા તો અવ્યય સાંખી શકાશે નહિ એ હવે કહ્યા વિના ચાલે તેમ નથી. જ્યારે જનતા આટલા દુઃખે પીડાય છે ત્યારે મંદિરના કોઠારો માત્ર મૂર્તિઓને શોભાવવા માટે એમને એમ પડ્યા રહે એ કેમ ચાલે? આજે એક પણ ભારરૂપ સંસ્થાને સમાજ નિભાવવાને તૈયાર છેજ નહિ. મોટા રાજા રાજવીઓના સિંહાસનો ડોલવા લાગ્યા છે; આદ્ય શંકરાચાર્યની પાટપીઠો ધ્રુજવા લાગી છે; મુડીવાદીઓની સલામતી જર્જરિત થવા બેઠી છે. આજે જે કોઈ સંસ્થા પોતાની સામાજિક ઉપયોગીતા સ્થાપિત કરી શકે તેમ નથી તેની આયુષ્યદોરી તુટવા માંડી છે. આજે હિંદુસ્થાનમાં સ્થળે સ્થળે ઉભેલાં મોટાં દેવાલયો રાજદ્વારે ડોલતા પ્રમત્ત હાથીઓની સ્થિતિને ધારણ કરી રહ્યા છે. આવા હાથીઓને વર્તમાન લોકશાસન ક્ષણભર નિભાવવાને તૈયાર નથી. માટેજ ઉપર જણાવ્યા મુજબ દેવમંદિરોએ પોતાની સર્વ આવકને લોક કલ્યાણ માટે ખુલી મુકી દઈને પોતાની ઉપયોગીતા સિદ્ધ કરવીજ જોઈએ, અથવા તો જોસભેર ધસી આવતા વિપ્લવ પ્રવાહમાં લુપ્ત થઈ જવા માટે તૈયાર રહેવું જોઈએ.

૨ આપણી ચર્ચાનો ક્રમ વાર વિચાર કરીએ તો આપણા મંદિર વ્યવહારની પુનર્ઘટનાનો પ્રશ્ન ચર્ચતાં તે પુનર્ઘટનાને બે ભાગમાં વહેંચી હતી. તેમાંનો દેવદ્રવ્યના સંકેતના પરિવર્તનને લગતો પ્રથમ મુદ્દો આપણે ચર્ચ્યો. આને લાક્ષણિક ભાષામાં વર્ણવું તો આ સુધારામાં દેવદ્રવ્યનોજ મોક્ષ રહેલો છે. જે દેવદ્રવ્યને અત્યાર સુધી મંદિરમાં પુરવામાં આવ્યું છે તેને હવે

મુક્તિ મળવી જોઇએ કારણ કે તે દેવોનું દ્રવ્ય છે અને દેવો મુક્ત છે તે પ્રમાણે દેવોનું દ્રવ્ય પણ મુક્ત બનવુંજ જોઇએ. બીજો મુદ્દો મુર્તિ અને મંદિરનો પરિગ્રહ મર્યાદિત કરવાને લગતો છે. પ્રથમનો મુદ્દો સ્વીકારવામાં આવે અને દેવદ્રવ્યને સાર્વજનિક બનાવવામાં આવે તે છતાં પણ અત્યારે જે રીતે મંદિરની ધામધુમો અને મુર્તિના શોભા શણગાર પાછળ દ્રવ્ય ખરચવામાં આવે છે તે પદ્ધતિ ચાલુ રાખવામાં આવે અને હીરા મોતી માણેક સોનું અને રૂપું ભગવાનની મુર્તિની અનિવાર્ય આવશ્યકતાઓ લેખવામાં આવે તો પછી ઘણે ભાગે ઠેકાણે તો બીજા ખાતાઓ માટે ખરચવાની એક પાઇ પણ શીલક ન રહે. તેથી જેવી રીતે આજકાલ દેશી રાજાઓ માટે રાજ્યની આવકમાંથી અમુક ટકાનું સાલીયાણું નક્કિ થવું જોઇએ એવો રાજકીય સુધારો દેશી રાજ્યની પ્રજા એક અવાજે માંગી રહી છે તેવી રીતે મુર્તિ અને મંદિર પાછળ મંદિરની આવકમાંથી અમુક ટકાજ ખરચાઈ શકે એવો પ્રબંધ સ્વીકારાવો જોઇએ અને એમ થાય તોજ પ્રસ્તુત દેવદ્રવ્યને લગતા સંકેત વિમોચનનો કાંઇ અર્થ નિપજી શકે. દેવદ્રવ્યને લગતા સુધારાનીજ આ બીજી બાજુ છે. આ પ્રમાણે ખર્ચ પ્રમાણ નક્કિ કરવાનું કહેવું એનો એજ અર્થ છે કે મંદિરમાં સાદાઇ દાખલ કરવી જોઇએ અને મુર્તિની શણગાર રચનાના મોહને આપણે તિલાંજલિ આપવી જોઇએ.

આ પ્રમાણે અન્ય પારમાર્થિક કાર્યો માટે દેવદ્રવ્ય વધારે ફાજલ પડે તેટલાજ કારણસર મુર્તિના આભુષણ તથા શણગારનો ત્યાગ કરવો જોઇએ એમ નથી, પણ જૈન મુર્તિપુજાના 'મૌલિક વિચારોનું' આગળ ઉપર જે વિવરણ કરવામાં આવ્યું છે તે બધું ધ્યાનમાં લેતાં પણ જિનમુર્તિ ઉપર અત્યારે જે ઠાઠમાઠ કરવામાં આવે છે, રત્નજડિત મુગટો અને આંગીઓ ચઢાવવામાં આવે છે, કટોરીના કબજાઓ અને ઉપર ઘડિયાળો લટકાવવામાં આવે છે તે બધું જિનમુર્તિના સ્વરૂપ સાથે તદ્દન વિસંવાદી અને તેથીજ ત્યાજ્ય છે એ સ્વતઃ સિદ્ધ છે. આ આંગી અને ઠાઠમાઠના પક્ષમાં બે દલીલો રજુ કરવામાં આવે છે, એક તો બાલ જીવોને લગતી. મંદ મૂર્ખ સ્ત્રીઆદિ બાળજીવોને આકર્ષવા માટે આવા ઠાઠમાઠની જરૂર રહે છે એમ ધર્મોપદેશકો સમજાવે છે. આવા બાળજીવો આપણાજ સંપ્રદાયમાં છે એમ નથી. દિગંબર જૈનોમાં પણ એવા અનેક બાળજીવો છે. આખો ખ્રીસ્તી સંપ્રદાય ક્રાઇસ્ટની મુર્તિના મૂળ સ્વરૂપ ઉપર જરાપણ શણગાર કર્યા સિવાય ચિરકાળથી પોતાનો ભક્તિ વ્યવહાર ચલાવી રહેલ છે. અલબત્ત, રામ કૃષ્ણ ઇત્યાદિ દેવોની મુર્તિઓ ખુબ શણગારવામાં આવે છે પણ તે તો રામ અને કૃષ્ણની મૂળ કલ્પનાને અનુરૂપ છે. અત્યારે રાજા કુમારપાળની મુર્તિ બનાવવામાં આવે તો તે રાજવી હોઇને તેની ઉપર ગમે તેટલો શણગાર તથા આભુષણો ધરી શકે પણ હેમચંદ્રાચાર્યની મુર્તિ ઉપર એવું કોઈ કરે તો જરૂર દરેક સમજુ શ્રાવક વાંધો ઉઠાવવાનો. તો પછી જે શણગાર કે આંગી શ્રીમદ્ હેમચંદ્રાચાર્યની મુર્તિ ઉપર તમે ન કરી શકો તે તેમનીજ દિશાએ ઉચ્ચતમ કોટિને પામેલા તીર્થંકરની મુર્તિના ઉપર શી રીતે ચઢાવી શકો? સામાન્ય લોકો માટે પુજન વ્યવહાર વ્યવસ્થિત કરવાના આશયથી જે અષ્ટ પ્રકારી પુજાની યોજના છે તે ઉચિત છે. મુર્તિનું પ્રક્ષાલન કરો, ચંદન લગાડો, પાંચ દશ પુષ્પ ચઢાવો, ધુપ કરો. દીપ પ્રગટાવો, અક્ષત ફળ નૈવેદ્ય ધરો, તે સર્વ ક્રિયા ભક્તિભાવની તૃપ્તિકારક છે અને સાથે સાથે ભગવાનની મુર્તિના સ્વરૂપને બાધક બનતી નથી. પણ આ મર્યાદા ઓળંગીને જ્યારે મુર્તિ ઉપર સોનું, રૂપું, હીરા, મોતી, માણેક લાદવામાં આવે છે અને નવી ફેશનના જાકીટ કોલર નેકટાઇ રચવામાં આવે છે અને ખોળામાં પુરૂં નાની નાની ઘડિયાળો ચોડવામાં આવે છે ત્યારે તે તો જિનમુર્તિની કેવળ વિડંબનાજ કરવામાં આવે છે એમ મને લાગે છે. ક્યાં ભગવાનની ધ્યાનસ્થ પદ્માસનસ્થ અર્ધ નિમીલિત નેત્રોવાળી પવિત્ર મુદ્રા અને ક્યાં તે જ શરીર ઉપર રાજા રજવાડા જેવો કરેલો ઠાઠમાઠ? જો ભગવાન મહાવીર અત્યારે મનુષ્ય દેહે પ્રત્યક્ષ થાય તો સૌથી પહેલાં તો પોતાનીજ મુર્તિ ઉપર કરવામાં આવેલો ઠાઠમાઠ જેમ બને તેમ જલ્દિથી દુર કરવાની આજ્ઞા કરે એમ હું માનું છું.

વળી બીજી દલીલ આ પ્રશોભનના સમર્થનમાં એવી કરવામાં આવે છે કે આ બધાં પુજન વિધાનો ભગવાનની જુદી જુદી સ્થિતિઓની અર્ચના છે. દાખલા તરીકે તેમનું પ્રક્ષાલન તે તેમની બાળદશાની પુજા છે. આવીજ રીતે આંગી તે તેમની એક રાજા તરીકેની પુજા છે. હવેલીઓના ઠાઠમાઠ જોઇને દેખાદેખીએ વધારી દીધેલ અને પછી સર્વત્ર રૂઢ થયેલ જિનમુર્તિની શણગાર પ્રથાનો બચાવ કરવા ખાતરજ પાછળથી શોધાયેલ ધર્માચાર્યોની આ દલીલ છે એમ મારૂં માનવું છે, કારણ કે જો જુદી જુદી અવસ્થાઓ પુજનીય બનતી હોય તો ભગવાન નેમનાથ સિવાય અન્ય ત્રેવીસ તીર્થંકરોના ગૃહસ્થાશ્રમની પુજા કેમ કરવામાં આવતી નથી? અને તે પુજા નિમિત્તે બાજુએ એક સ્વરૂપવતી દેવીની શણગારેલી મુર્તિ શા માટે બેસાડવામાં આવતી નથી? વળી જો ભિન્ન ભિન્ન સ્થિતિઓ પુજનીય હોય તો ભિન્ન ભિન્ન ઘાટની મુર્તિઓ શા માટે બનાવવામાં આવતી નથી? બાલસ્થિતિ પુજવા માટે બાળક જેવી મુર્તિ બનાવવી જોઇએ. બાળક પગ ઉપર પગ ચઢાવીને કદિ બેસી શકેજ નહિ. રાજાની બેઠક અન્ય પ્રકારનીજ હોવી જોઇએ. કૃષ્ણની ભિન્ન ભિન્ન ઘાટની મુર્તિઓ ભિન્ન ભિન્ન સ્થિતિની પુજા માટે બનાવવામાં આવે છે. બુદ્ધની પણ અનેક અવસ્થાસૂચક મુર્તિઓ કોરાયલી જોવામાં આવે છે. જિનમુર્તિ બેજ પ્રકારની ઉભી અથવા બેઠી હોય છે અને બન્ને એક સરખી મુદ્રા અને અવસ્થા સુચવનારી હોય છે. તેથી તેના ઉપર ખોટા વ્યવહારને બચાવવા ખોટી કલ્પનાઓનો આરોપ કરવો એ બુદ્ધિ સંગત નથી. આ વિચાર બરોબર સમજાઇ જાય, જિનમુર્તિ ઉપરની શોભાનું વિસંવાદિત્વ સામાન્ય સમાજની બુદ્ધિમાં બરોબર ઉતરી જાય તો પછી મંદિર અને મુર્તિના સંબંધમાં કેમ ખર્ચ ઘટાડવો એ વિષે વધારે કહેવાપણું રહેતુંજ નથી. જ્યાં મુર્તિ સાદી થઇ ત્યાં મંદિરમાં પણ સાદાઇ દાખલ થવીજ જોઇએ. એમ બને એટલે સહેજે ખુબ દ્રવ્ય બચી શકે જેનો જનતાના અનેકવિધ કલ્યાણ અર્થે શુભ ઉપયોગ થઇ શકે. આપણી મુર્તિપુજાની પુનર્ઘટના એટલે દેવદ્રવ્યની મુક્તિ અને મુર્તિમંદિરની પરિગ્રહ મર્યાદા આ બે ફેરફારો નિપજતાં જિનમંદિર સમગ્ર જનતા માટે મંગળ મંદિર બની જાય. એ આટલી લાંબી ચર્ચાના પરિણામે સૌ કોઇ સ્વીકારશે એવી આશા છે.

[ અપુર્ણ. ]

**પરમાનંદ.**

# યુવકોને હાકલ.

## લોકમત કેળવો.

### "ખેડ ખાતર ને પાણી એ કર્મને આણે તાણી"

### આવી કોન્ફરંસને સફળ કરો.

મારા જૈન યુવક બંધુઓ! તમારી કસોટીનો ખરો પ્રસંગ આવ્યો છે. આવતા માહ માસમાં દક્ષિણમાં આવેલા જુન્નેર શહેરમાં આપણી જૈન કોન્ફરંસ મળવાની છે. કાર્યવાહકોની એટલી ફરજ છે કે તેઓએ સમય અને પરિસ્થિતિ ધ્યાનમાં રાખી સુધારા કરવા માટે તમને તક આપવી જોઈએ. તેવી તક તેમણે ઉભી કરી છે. છેલ્લી કોન્ફરંસ મારવાડમાં સાદરી મુકામે (મુંબઈમાં તો ખાસ પાલીતાણાના પ્રશ્ન અંગે મળી હતી.) તારીખ ૨૪-૧૨-૧૯૧૯ સંવત ૧૯૭૬ ના પોસ સુદ ૨ બુધવારે મળી હતી. એ રીતે દસ વર્ષથી નિદ્રાવશ થયેલી કોન્ફરંસને કાર્યવાહકોએ જાગૃત કરી છે. હવે તેને સફળ કરવાનું કામ તેમના હાથમાં નથી પરંતુ તેમાં પ્રતિનિધિ તરીકે આવનાર વ્યક્તિઓના હાથમાં છે એ વાત જરાપણ લક્ષ બહાર કાઢવાની નથી. તેમાં પ્રતિનિધિ તરીકે જતાં પહેલાંની તૈયારી તમારે અત્યારથી કરવાની છે. શું શું તૈયારીઓ કરવી તેનો વિચાર પણ તમારેજ કરવાનો છે, તે માટે બાહુતી બળ ઉપર આધાર નહીં રાખતાં તમારા આત્મબળ ઉપરજ ઝઝુમવાનું છે. કોન્ફરંસમાં શું શું કરવું તેનો ખ્યાલ કરવો મુશ્કેલ લાગતો હોય તો ગામડામાં ખેતી કરનાર ખેડુત તરફ નજર કરો. ખેડુત જે જમીનમાં જે બીજ વાવવા માગતો હોય છે તે બીજ એકદમ તે જમીનમાં વાવતો નથી, પરંતુ તે પહેલાં તે વિચાર કરે છે કે અમુક બીજને અમુક ખાતર અનુકુળ થઈ પડશે. અને તે જમીનમાં અમુક ખેડ કરી જમીનને કેળવવી પડશે. તે પ્રમાણે તે વીચાર કરી નક્ષત્રનો સમય ધ્યાનમાં રાખી ખેડેલી જમીનમાં બીજ વાવે છે, અને તે પછી કાળજી રાખી પાણીનું સિંચન કરે છે. આ રીતે કરે છે તો તે પાક મેળવી શકે છે. તે ઉપરથી અનુભવી લોકો કહે છે કે "ખેડ ખાતર ને પાણી એ કર્મને આણે તાણી."

યુવક બંધુઓ! આ પ્રમાણે તમારે કરવું જોઈએ. વિચાર વાણી અને વર્તન એ ત્રણેનો અમલ કરવાનો છે. જનતા રૂપ જમીનમાં ખાતર નાખી જમીનને ખેડવી જોઈએ અને પછી ઠરાવ રૂપ બીજ વાવવું જોઈએ, અર્થાત્ લોકમત ખુબ કેળવો, તેમાં અનુકુળ પડતું ખાતર નાખો, પ્રતિકુળ મનવળાઓના હૃદય, દલીલ અને પ્રેમથી જીતી અનુકુળ બનાવો. જે જે હૃદય અનુકુળ હોય તે બધાં એકત્રીત કરી એક સ્વરૂપ બનો. આ દીશામાં અમલ કરો. પત્રોદ્વારાએ અને નાની સભાઓ દ્વારાએ પ્રતિનિધિઓને તૈયાર કરી લોકમત સારી રીતે કેળવો. વાણી પ્રમાણે વર્તન રાખો. Let courage be proved by deeds and not by words તમારી હીંમત અને તાકાદ માત્ર શબ્દથી નહીં પરંતુ કૃત્યોથી સાબીત કરી બતાવો, અને પછી કોન્ફરંસની ભુમિકામાં ઠરાવ રૂપી બીજ વાવો. તેજ બી બરાબર ઉગી નીકળશે અને તમને ફળ આપશે.

આ તો પ્રાથમિક તૈયારીઓ છે, પરંતુ બીજ વાવ્યા પછી ઉંઘવાનું નથી. તેને પાણીનું સીંચન કરવાનું છે. તે ઠરાવો કરી તેને પાલન કરવાના આત્મબળની અને નૈતિક હીંમત રાખવાની તાકાદ કેળવો. સભા ભરી ઠરાવો કરી વેરાઈ જવાથી કાંઈ વળશે નહીં. ઠરાવ કરતી વખતે ઠરાવની રચના કરવામાં જેટલી શાબ્દિક મારામારી કરો છો તેટલી તે ઠરાવનું પાલન કરતી વખતે દરકાર રાખતા નથી એ ઘણું શોચનીય છે, માટે ખેતીકારની ક્રિયા તરફ દૃષ્ટિ રાખી લોકમત કેળવો. તમારા ગૃહસ્થાશ્રમને જે જે નુકશાનકારક રીવાજો, ખરચ રો, સભાઓ, સમય બદલતાં હાનીકારક રૂપ થઈ પડેલી જુની પ્રણાલીકાઓ હોય તેને કાઢી નાખો, અને પ્રગતિનો પંથ સુલભ અને સરળ કરો. આજુબાજુની પ્રજાની સાથે સ્વમાનથી નિર્ભય પણે રહી શકો, બલકે તેમનાથી આગળ વધો તેવી યોજનાઓ હાથમાં લો. જે જે ઠરાવો કરો તેનું પ્રતિજ્ઞાપૂર્વક પાલન કરો. આવી તૈયારીઓ સાથે પરિષદમાં જાઓ અને વિજયનો વાવટો ફરકાવી કાર્યવાહકોનો પ્રયાસ સફળ કરો. ફરી કહું છું કે લોકમત કેળવવામાં પાછી પાની ન કરો. તેજ તમારા વિજયની ચાવી છે.

વીસનગર ૯-૧૨-૨૯ લી. મહાસુખભાઈ ચુનીલાલ.

## એક જાહેર ખુલાસો.

શ્રી. કા. દ. શ્રી વણીક યુવક પરિષદની આસો વદ ૨ ની બીજા દીવસની બેઠકમાં જૈન મુની મહારાજશ્રી ચરણવિજયજીની હાજરી સંબંધે જૈન સમાજમાં કાંઈક ગેરસમજુતી થતી હોવાનું જાણવામાં આવતાં નીચેનો ખુલાસો જાહેર કરવાની જરૂર જોઈએ છીએ.

મુની મહારાજશ્રી ચરણવિજયજીએ મજકુર દીવસે બપોરના લગભગ એક દોઢ વાગે પરિષદમાં હાજરી આપી હતી કે જે વખતે લગ્ન વયનો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો હતો. અને એ પ્રશ્ન (લગ્ન વયનો પ્રશ્ન) ચર્ચાઈ રહેતાં લગભગ અઢી વાગે પરિષદ જ્યારે ચા પાણી માટે ઉઠી ત્યારે મુની મહારાજે પરિષદમાંથી વીદાય લીધી હતી.

દીક્ષા સંબંધિનો ઠરાવ તો ચા-પાણી પછી પરિષદ જ્યારે ફરીને મળી ત્યાર પછીજ હાથ ધરવામાં આવ્યો હતો. એટલે આ સંબંધે જૈન સમાજમાં કાંઈ ગેર સમજ પ્રવર્તતી હોય તો આશા છે કે આ જાહેર ખુલાસાથી તે અટકશે.

લી૦ વરજલાલ પ. મેઘાણી.

લી૦ હીંમતલાલ ચત્રભુજ ગાંધી.

મંત્રીઓ, શ્રી. કા. દ. શ્રી. વણીક યુવક પરિષદ.

## જૈન શ્વેતાંબર કોન્ફરન્સ જુન્નેર-તેરમું અધિવેશન

કોન્ફરન્સ ઓફીસ તરફથી નીચેની હકીકતો પ્રગટ કરવા માટે આવી છે.

પુનાથી જુન્નેર લગભગ ત્રણ કલાકનો રસ્તો છે જૈન મંદિર પણ ભવ્ય છે. ઉતારા માટે પણ ઘણી સારી સગવડ થઈ શકે તેમ છે. સ્વાગત સમિતિ તરફથી એક ભવ્ય મંડપ ૫૦૦૦ માણસો બેસી શકે તેવો ઉભો કરવા ઠરાવવામાં આવ્યુ છે તેમજ કમીટીઓ વીગેરે માટે પણ બીજા તંબુઓ ઉભા કરવામાં આવનાર છે. ભોજન માટે સગવડ પડે તેવા પદાર્થો બનાવવા અનુભવીઓની યોજના કરવામાં આવી છે.

ઓફીસ તરફથી પત્ર વ્યવહાર શરૂ કરી દેવામાં આવ્યો છે. પ્રચાર કાર્ય પણ ચાલી રહ્યું છે. સ્વાગત કમીટીના નામો દાખલ કરવા માટે દરરોજ પત્રો આવી રહ્યા છે. પ્રમુખની ચુંટણી માટે કેટલાએક નામો સુચવવામાં આવ્યા છે. ગુપ્તપણે ચાલી રહી છે આશા છે કે થોડાજ વખતમાં પ્રમુખનું નામ જાહેર કરવામાં આવશે.

ચર્ચવાના વિષયો નક્કી કરવા આગેવાનો વિચાર કરી રહેલા છે જે નક્કી થયે પ્રગટ કરવામાં આવશે.

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઈ, નં. ૨

"યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે."

દેવ-દ્રવ્ય. (ચાલુ)  Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રીઃ—જમનાદાસ અમરચંદ ગાંધી.

અંક ૧૬ મો. | સંવત ૧૯૮૬ ના માર્ગશીર્ષ વદ ૬ શનીવાર તા. ૨૧-૧૨-૨૯ | લવાજમ છુટક નકલ અડધો આનો.

## યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા.

તા. ૧૯-૧૨-૨૯ બુધવારને રોજ યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા માંગરોળ જૈન સભાના હોલમાં રાત્રીના આઠ કલાકે મળી હતી. મીટીંગનું પ્રમુખસ્થાન જમનાદાસ અમરચંદ ગાંધીને આપવામાં આવ્યુ હતું. પ્રથમ મંત્રી શ્રીયુત રતીલાલ ચીમનલાલ કોઠારીએ ગઈ જનરલ સભાની મીનીટ વાંચી સંભળાવી હતી. પ્રમુખે તેની ઉપર સહી કર્યા બાદ સં. ૧૯૮૫ ના આસો વદ ૦)) સુધીનો યુવક સંઘની કાર્યવાહીનો રીપોર્ટ તથા હિસાબ શ્રીયુત રતીલાલ ચીમનલાલ કોઠારીએ વાંચી સંભળાવ્યો હતો જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યો હતો. તે પછી નવા વરસ માટે યુવક સંઘના મંત્રીઓની ચુંટણી કરવામાં આવી. સેક્રેટરી માટે આઠ ભાઇઓના નામ રજુ કરવામાં આવ્યા હતા. બેલેટથી મત લેતા નીચેના ચાર ભાઇઓને મંત્રી તરીકે ચુંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા. (૧) ડૉ. નગીનદાસ જગજીવનદાસ શાહ, બી. એસ. સી, (૨) રા. રા. મોહનલાલ ધનજી સોલીસીટર, (૩) જમનાદાસ અમરચંદ ગાંધી, (૪) વાડીલાલ આશાભાઇ શાહ.

તે પછી મેનેજીંગ કમીટીના સોળ સભ્યોને ચુંટી કાઢવાનું કામ હાથ ધરવામાં આવ્યું. નોમીનેશન પેપર પચીસ જે મેનેજીંગ કમીટીએ વ્યાજબી ઠરાવ્યા હતા તેનું લીસ્ટ કકલભાઇએ રજુ કર્યું હતું. તે ઉપર બેલેટથી મત લેતાં નીચેના સોળ બંધુઓ મેનેજીંગ કમીટીના સભ્ય તરીકે ચુંટાયેલા જાહેર થયા હતા:

| | |
|---|---|
| કકલભાઇ ભુદરભાઇ વકીલ. | ચીમનલાલ મોતીલાલ પરીખ. |
| ઉમેદચંદ દોલતચંદ બરોડીયા. | ચીમનલાલ હીંમતલાલ સંઘવી. |
| ચંદુલાલ સારાભાઇ મોદી. | ચંદ્રકાન્ત વી. સુતરીયા. |
| મણીલાલ મોકમચંદ શાહ. | છગનલાલ નાનચંદ શાહ. |
| વીરચંદ પાનાચંદ શાહ. | મોહનલાલ દીપચંદ ચોકસી. |
| અમીચંદ ખીમચંદ શાહ. | ચીમનલાલ હીરચંદ શાહ. |
| પરમાનંદ કુંવરજી કાપડીઆ. | હરગોવન વીરપાલ શાહ. |
| રતીલાલ ચીમનલાલ કોઠારી. | ચંદુલાલ ટી. શાહ. |

તે પછી ઑડીટર તરીકે શ્રી. કાંતિલાલ ઇશ્વરલાલ મોરખીયા તથા શ્રી. શીવલાલ નરપતી માણેકલાલની નીમણુંક કરવામાં આવી હતી. રા. કકલભાઇએ મેનેજીંગ કમીટીએ સાગરાનંદજી માટે કરેલો ઠરાવ જનરલ કમીટી સન્મુખ વાંચી સંભળાવ્યો હતો. મીટીંગ ત્યાર બાદ બરખાસ્ત કરવામાં આવી.

## યુવક સંઘની મેનેજીંગ કમીટીએ કરેલો ઠરાવ.

મેનેજીંગ કમીટીની તા. ૧૮-૧૨-૨૯ બુધવાર (સ્ટા. ટા.) ૭-૩૦ એ મળેલી મીટીંગે નીચે મુજબ ઠરાવ પસાર કર્યો હતો.

**"શ્રી જામનગર જૈન સંઘની વારંવાર અવજ્ઞા કરવા માટે અને તાજેતરમાં જામનગર જૈન સંઘના દિક્ષાના સંબંધમાં પરંપરાથી ચાલ્યા આવતા નિયમનનું જાણી જોઇને ઉલંઘન કરવા માટે શ્રી સાગરાનંદજીના વિરૂદ્ધ જામનગરના સમગ્ર જૈન સંઘે તા. ૧૨-૧૨-૨૯ ના રોજ જે ઠરાવ કર્યો છે તેને આ સંઘ અનુમોદન આપે છે."**

## અમારૂં નિવેદન.

યુવક સંઘ પત્રિકા પ્રથમ પ્રગટ કરવામાં આવી હતી તે વખતે ચાર માસ માટે પ્રગટ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું તે મુજબ આ અંક સોળમો પ્રગટ થાય છે હવે પછી પત્રિકા ચાલુ રાખવા ઠરાવવામાં આવ્યું છે તે સંબંધી વધુ વીગત આ અંકમાં અન્યત્ર પ્રગટ કરવામાં આવી છે. ચાર માસમાં પત્રિકાને અંગે યુવક સંઘે તુટ સહન કરી છે. કિંમત તદ્દન ઓછી રાખવામાં આવી હતી અને પાના વધારે આપવામાં આવ્યા હતા. વળી કેટલાક બંધુઓએ અંકો રાખવા છતાં વી. પી. સ્વીકાર્યા નહોતા, તેમ વી. પી. ની હકીકત પ્રથમથી જાહેર કરવામાં આવી હતી. છતાં એક કાર્ડ લખી હવે અંકો ન મોકલવાની સુચના કરવા તકલીફ લીધી નહોતી તેથી પણ નુકસાનમાં વધારો થયો હતો; પત્રિકા માત્ર સમાજ હિતની દૃષ્ટિથી પ્રગટ કરવામાં આવે છે તેમાં કોઇનો અંગત સ્વાર્થ સમાયો નથી. પત્રિકાને માટે જુદા જુદા દૃષ્ટિબિંદુવાળા બંધુઓ તરફથી અભિપ્રાય આપવામાં આવે છે તે બધાને બનતો સંતોષ આપવાનો પ્રયાસ કરીશું. પત્રિકા દર અઠવાડીએ એક ફોર્મ નીકળશે. અનુકુળતા મુજબ વધારો આપવામાં આવશે તેમાં જુદા જુદા લેખકો તરફથી ખાસ વિષય ઉપર લેખો આવશે. અંગત ટીકાઓથી દુર રહેવામાં આવશે. યોગ્ય ભાષાના લેખોનેજ પત્રિકામાં સ્થાન આપવામાં આવશે. વાર્ષિક લવાજમ જે રાખવામાં આવ્યું છે તે ચાર માસના લવાજમ કરતાં પણ પ્રમાણમાં ઓછું છે માટે સમાજ આ અમારા સાહસમાં મદદ કરશે એવી આશા રાખીએ છીએ.

# દેવદ્રવ્ય.

## ( ૫ )

આ પ્રમાણે મંદિરની પુનર્ઘટના કરવામાં આદર્શ તેમજ વૈશ્યદૃષ્ટિ ઉભયનો સમન્વય રહેલો છે. ભિન્ન ભિન્ન સામાજિક સંસ્થાઓ સામાજિક ચિંતના ભિન્ન ભિન્ન આદર્શો સાથેના લગ્નમાંથી જન્મે છે. કોઇપણ આદર્શને જ્યારે સમાજ સ્વીકારવા લાગે છે ત્યારે તે આદર્શ સમાજમાં ખૂબ પ્રેરણા આપે છે અને તેના પરિણામે તે આદર્શને મૂર્ત સ્વરૂપ આપે એવી સંસ્થા જન્મ પામે છે. આ સંસ્થાની ઉપયોગીતા જ્યાં સુધી મૂળ આદર્શને તે પ્રતિબિંબિત કરી શકે ત્યાં સુધી અબાધિત અને નિરપવાદ રહે છે. પણ મનુષ્યે ઉભી કરેલી સંસ્થાનો સ્વભાવ મનુષ્ય પ્રકૃતિની માફક મૂળ આદર્શથી ક્ષણે ક્ષણે દૂર ભાગવાનો હોય છે અને વિચક્ષણ સુધારકોનો ધર્મ સમાજ-સંસ્થાનું વારંવાર સંશોધન કરીને મૂળ આદર્શ સમીપ તે સંસ્થાને લઇ જવાનો રહે છે. સામાજિક સંસ્થાઓની અવનતિ અને ઉન્નતિનું આ જ સ્વરૂપ છે. પ્રસ્તુત વિષય ઉપર આ નિયમ લાગુ પાડતાં કહી શકાય કે આપણો મૂર્તિપૂજાને લગતો વર્તમાન વ્યવહાર મૂળ આદર્શથી અનેક રીતે ચ્યુત થયેલો છે અને અનેક ઉપયોગી દૃષ્ટિબિન્દુઓની ઉપેક્ષાપૂર્વક ચાલી રહ્યો છે. તે આખા વ્યવહારનું પુનઃ સંસ્કરણ કરવું તે ધાર્મિક અથવા તો સાંપ્રદાયિક દૃષ્ટિએ પ્રત્યેક જૈનનું અતિ આવશ્યક કર્તવ્ય છે અને આગળના લેખોમાં જે પુનર્ઘટનાના બે દૃષ્ટિબિંદુઓ રજુ કર્યાં તેમ આદર્શ સમીપ જવાનોજ મૂળ હેતુ રહેલો છે.

વળી આ પ્રમાણે પુનર્ઘટના સુચવવામાં ખરી રીતે જે વૈશ્યદૃષ્ટિ માટે આપણે ખુબ ગૌરવ ધરાવીએ છીએ તેની પાછળ પણ બળવાન પ્રેરણા રહેલી છે. વૈશ્ય પોતાના વ્યાપાર સંબંધી કે કોઇપણ સંસ્થા સંબંધી બે બાબત ધ્યાનમાં રાખે. એક તો જે સંસ્થા પોતાને હસ્તગત હોય તેમાં બને તેટલી આવકનો વધારો કરવો અને બીજું તે પ્રમાણે એકઠું થતું દ્રવ્ય પુરેપુરા ઉપયોગમાં લેવું અને જરાપણ વેડફાઇ જવા ન દેવું. આજે જો દેવદ્રવ્ય વિષેનો સંકુચિત વિચાર છોડવામાં આવે અને ખોટા શોભાશણગારનું મિથ્યાત્વ સ્વીકારવામાં આવે તો કોઇને પણ મંદિરમાં દ્રવ્ય આપવાનો સ્વપ્ને પણ નિષેધ કરવાનું કારણ ન રહે; કારણ કે દરેક માણસ એમ સહેજે સમજી જાય કે મંદિરમાં જે કાંઇ આપવામાં આવશે તેની એક પણ પાઇનો દુરૂપયોગ થવાનો નથી અને તે સમસ્ત દ્રવ્યનો જનતાની આધિ વ્યાધિ અને ઉપાધિના નિવારણમાંજ વ્યય થવાનો છે. આજે આટલી પુનર્ઘટના થાય તો સુધરેલો અને કેળવાયેલો પણ મુક્ત કંઠે કહેવા લાગે કે બને તેટલું દ્રવ્ય મંદિરમાં આપો.

આ ઉપરાંત વૈશ્યવૃત્તિનું બીજું લક્ષણ એ પણ છે કે માણસના જે વહેમ, અજ્ઞાન કે શ્રદ્ધા સહેજે નિવારી શકાય તેમ ન હોય તેના માઠા પરિણામથી સમાજને બચાવી લેવો અને તેના આવેશને વશ થઇને તે જે દ્રવ્ય વેરવા માંડે તેનો પણ બને તેટલો સામાજિક લાભ ઉઠાવવો. જો કે મૂર્તિપૂજા સંબંધમાં સમાજમાં જે વહેમ અને અંધશ્રદ્ધા છે અને મૂળ આદર્શને વિસારીને પથ્થરનેજ પરમાત્મા લેખીને અને લૌકિક અનેક લાભો કરનાર અને સંકટો નિવારનાર કલ્પીને આરાધવાની વૃત્તિ છે તેનો સત્ય વિચાર પ્રચાર મારફત બને તેટલી ત્વરાથી ઉચ્છેદ થવાની જરૂર છે તો પણ સમાજનો અમુક મોટો વર્ગ ઘણા કાળ સુધી એવો રહેશે કે જે વહેમ અને અંધશ્રદ્ધાથી છુટો નહિ થાય અને અસાધારણ ઉપાધિના પ્રસંગે દેવ દેવીઓની જાત જાતની માનતા અને યાત્રાઓની બાધાઓ કર્યા વિના નહિ રહે અને કેળવણી અને દારિદ્ર નિવારણની ગમે તેટલી વાતો કરો તો પણ તે સર્વની ઉપેક્ષા કરીને મૂર્તિ અને મંદિરો, યજ્ઞ અને ઉત્સવો, ઉજમણાં અને વરઘોડા પાછળજ પોતાનું દ્રવ્ય વાપરવાનો. મારો પ્રશ્ન એ છે કે આ વર્ગની આવી અજ્ઞાન મિશ્રિત ક્રિયાઓનો પણ બને તેટલો સારો લાભ કાં ન ઉઠાવવો? અને અરણ્યમાં વહી જતા સિંધુ પ્રવાહને એકાદ જમીનમાં કાં ન વાળવો? જો દેવદ્રવ્યનો સંકેત ફેરવી નાંખીએ તો પછી ભલેને ભોળો શ્રાવક અજ્ઞાન અને વહેમથી દ્રવ્યના ભંડાર મંદિરમાં ખાલી કરે પણ આપણે તો 'ઘી ઢોળાયું પણ ખીચડીમાં' એ કહેવત પ્રમાણે તેજ દ્રવ્યમાંથી અનેક વહેમ વિદારક જ્ઞાન મંદિરો ઉભા કરી શકીએ.

વળી એ પણ ધ્યાનમાં લેવા જેવું છે કે મંદિરમાં દ્રવ્ય આપનાર શુદ્ધ ભક્તિથી પ્રેરાઇને દ્રવ્ય આપેજ જવાનો છે પણ તે દ્રવ્યનો શું ઉપયોગ થાય છે તેની તે ચિન્તા રાખતોજ નથી. તે દ્રવ્યમાંથી આંગીઓ રચાવાય, ઘરેણાં ઘડાવાય, મંદિરો બંધાય, પાંજરાપોળ ચલાવાય કે વિદ્યાલયો ઉભા કરાય તેની તેને પરવા હોતીજ નથી. તેનું ચિત્ત પરમાત્માની ભક્તિથી ઉલ્લસાયમાન થાય છે અને ભક્તિ સાથે દ્રવ્ય વિસર્જનની પ્રેરણા સ્વાભાવિક રીતે જોડાયલીજ હોય છે. જેવી રીતે આપણા પ્રેમના પાત્ર કોઇ સ્વજન માટે શું શું કરી નાંખું એમ આપણને થયા કરે છે તેવીજ રીતે માણસના હૃદયમાં જ્યારે ભક્તિની ભરતિ આવે છે ત્યારે તે પરમાત્માની પ્રીત્યર્થે પોતાનું સર્વસ્વ હોમી દેવા તૈયાર થાય છે. આ ઉપરથી આપણે જે સુધારો સુચવીએ છીએ તેને લીધે કોઇએ પણ એવી આશંકા કરવાનું કારણ નથી કે પ્રસ્તુત ફેરફારો કરવાથી મંદિરની આવકમાં ઘટાડો થવાનો જરાપણ સંભવ રહેલો છે.

વળી પ્રસ્તુત પરિવર્તન થવાતાં દેવમંદિરની પ્રતિષ્ઠા વધશે અને નવા વિચારના ને જમાના અને જુનાને એકત્ર કરાવનારૂં એક કેન્દ્રસ્થાન મંદિર બની જશે. સૌ કોઇ પોતાની ભાવનાનું મંદિરમાં પ્રતિબિંબ જોશે અને આખા સમાજનું લૌકિક તેમજ આમુષ્મિક કલ્યાણ કરવાનુંજ કેવળ ધ્યેય સ્વીકારતાં દેવમંદિર પરમ કલ્યાણનું નિકેતન અને સમાજનું અનન્ય અવલંબન સ્થાન બની રહેશે.

પ્રસ્તુત પુનર્ઘટનાથી સૌથી મોટો લાભ તો આજે જૈન ધર્મના ત્રણે સંપ્રદાયને ખુબ સમીપ લાવવામાં પરિણમશે એવી આશા જેવી પણ અવ્યવહારૂ નથી. આજે સ્થાનકવાસીઓનો મોટો ભાગ હું સમજું છું તે પ્રમાણે મૂર્તિપૂજાના મૂળ આશયથી જરા પણ વિરૂદ્ધ નથી, પણ તેની અતિશયતાઓ અને તેમાંથી નિપજેલાં માઠાં પરિણામોથી કંપે છે અને તેથી પોતાને અમૂર્તિપૂજક કહેવડાવવામાં ગૌરવ સમજે છે. આજે ઘણા સ્થાનકવાસીઓ શત્રુંજય, ગીરનાર, આબુ અને કેશરીયાજીની યાત્રાએ જાય છે અને કેટલાક સમેતશિખર પણ જઇ આવે છે. સામાન્ય વર્ગ માટે મૂર્તિપૂજાની આવશ્યકતા અથવા તો ઉપયોગીતા સૌ કોઇ લગભગ સ્વીકારે છે પણ તેઓને ભય ખકરૂં કાઢતાં ઉંટ પેસી જવાનો છે: તેથી આ ભયનું જો

નિવારણ કરી શકાય તો શ્વેતાંબર મૂર્તિપૂજક અને સ્થાનકવાસી અમૂર્તિપૂજક વચ્ચેનો ભેદ મૂળમાંથી કદાચિત્ ભુંસાઈ ન શકે તો પણ ઘણા અંશે ઓછો થયા વિના રહેજ નહિ. અને તે ભેદનું નિવારણ પ્રસ્તુત પુનર્ઘટનામાં રહેલું છે એ સહેજે સમજી શકાય તેમ છે.

વળી દિગંબર અને શ્વેતાંબર સંપ્રદાયો વચ્ચે મુખ્ય ભેદ મૂર્તિપૂજાને લગતો છે અને તેમાં વૈષ્ણવ સંપ્રદાયના સંસર્ગથી શ્વેતાંબર સંપ્રદાયમાં વધી પડેલી અતિશયતાઓજ કારણરૂપ છે આ અતિશયતાઓ ઓછી કરવામાં આવે, મૂર્તિને મૂળસ્વરૂપે પહોંચાડવામાં આવે, અને દેવદ્રવ્યનો ઉપયોગપ્રદેશ વિસ્તારવામાં આવે તો પછી શ્વેતાંબરો અને દિગંબરો વચ્ચેની મોટામાં મોટી ભેદ દિવાલ પડીના ઘણા ભાગમાં નાશ પામે. આજે શ્વેતાંબર ભગવાન મહાવીરની દિગંબર મૂર્તિને સ્વીકારે નહિ અને દિગંબર શ્વેતાંબરોની કચ્છધારી મૂર્તિને નમે નહિ આનાથી વધારે ઉપહાસ યોગ્ય અજ્ઞાન બીજું શું હોઈ જ શકે? દિગંબર મૂર્તિમાં મૂળ સ્વરૂપની આરાધના છે અને કચ્છધારી મૂર્તિમાં મૂળ સ્વરૂપની કલ્પના સાથે વ્યવહાર દૃષ્ટિનો સમન્વય છે. અને જો મૂર્તિ ખરેખર પરમાત્માની પ્રતિનિધિ થઈ શકતી હોય તો બેમાંથી કોઈ પણ આકારવાળી મૂર્તિને એ પ્રતિનિધિત્વનો સંપૂર્ણ અધિકાર છે એમ સામાન્ય બુદ્ધિવાળો માનવી તો જરૂર કહી શકે પણ સાંપ્રદાયિક આગ્રહને હંમેશાં સામાન્ય બુદ્ધિ સાથે વૈરભાવ હોય છે અને તેથી સામાન્ય બુદ્ધિની કલ્પનામાં ન આવે એવી અનેક વિભાજક દિવાલો સાંપ્રદાયિક આગ્રહ સરજે જાય છે અને એક પિતાના બે પુત્રોને અને તેટલા જુદા રાખવામાં પોતાના જીવનની સફળતા સમજે છે. આ વસ્તુસ્થિતિ સામે આપણી આંખો ઉઘાડે અને સંયોજક વૃત્તિની આપણા ઉપર સત્તા જામે તો એક વખત એવો કાં ન આવે કે જ્યારે યોગ્ય ભાંગફોડ કરીને બન્ને વર્ગ સ્વીકારે એવો સમાન પૂજન વ્યવહાર જન્મે અને દિગંબરો શ્વેતાંબરોના મંદિરો અને તીર્થોની ઉપાસના કરે અને શ્વેતાંબરો દિગંબરોના મંદિરો અને તીર્થસ્થાનોને અપનાવી લે અને આજના તીર્થોના ઝગડાઓ અને કલહ ખુવારી ભૂતકાળનું બની વર્ગની મૂર્ખાઈનું એક ચિરસ્મરણીય પ્રકરણ બની જાય? [અપૂર્ણ]

પરમાનંદ.

## નોંધ અને ચર્ચા.

'શ્વેતાંબર મૂર્તિપૂજક જૈનોની જાહેર સભા' એ હેડીંગ નીચે મુંબઈ સમાચારે તા. ૧૭ મી ડીસેમ્બરના અંકમાં એક અહેવાલ પ્રગટ થાય છે. આવી રીતે જનતાને ઉંધે માર્ગે દોરવવાની એક વધુ રમત સોસાયટી તરફથી રમવામાં આવી છે. પ્રથમ પ્રશ્ન એજ કે તે સભા કોના તરફથી બોલાવવામાં આવી હતી? જાહેર સભાની જાહેર ખબર વહેંચવામાં આવી હતી કે? જવાબ નકારમાંજ છે તો પછી અમુક મંડળ કે વ્યક્તિઓ એકઠી મળે તો તે જૈનોની જાહેર સભા કહેવાય? સમાજ આવી જાહેર સભાની કીમત સારી રીતે સમજે છે. સભાની શરૂઆતમાં ધ. જૈ. સોસાયટીના સેક્રેટરીએ 'યુવક સંઘ'ની પ્રવૃત્તિઓ ઉપર ટીકા કરતાં ભાગવતી જૈન દિક્ષા વિરૂદ્ધ તેઓ ચળવળ કરે છે તેમ સમજાવી ત્યાં એકઠી મળેલી વ્યક્તિઓમાં ગેરસમજુતી ફેલાવી હતી. અમો તે બંધુને એજ પ્રશ્ન પુછીએ કે શું તમો યુવક સંઘ ભાગવતી દિક્ષાની વિરૂદ્ધ પ્રવૃત્તિઓ કરે છે તેમ સાબીત કરી શકશો? ભાગવતી દિક્ષાને જેટલી તમો પવિત્ર માનો છો તેનાથી જરીકે ઓછી પવિત્ર યુવક સંઘ માનતું નથી. યુવક સંઘે કદી ભાગવતી દિક્ષાની વિરૂદ્ધ પ્રવૃત્તિ કરી નથી. તેનો વાંધો ફકત અયોગ્ય દીક્ષા સામે છે. ભાગવતી દીક્ષા અને હાલમાં અપાતી અયોગ્ય દીક્ષાના તફાવતથી તેઓશ્રી અજાણ હોઈ બીજાને પણ ઉંધે રસ્તે દોરવવા માંગે છે. ભાગવતી દીક્ષાની સામે યુવક સંઘે કદી પ્રવૃત્તિ કરી નથી એટલેજ ઉપરોક્ત ટીકાનો જવાબ હોઈ શકે.

ત્યારબાદ તે સભામાં ત્રણ ઠરાવો કરવામાં આવ્યા તે જાહેર કરવામાં આવ્યા છે. ઠરાવ પહેલામાં ભાગવતી દીક્ષા સામે રાજસત્તાઓ ઠરાવ નહીં કરે તેવી આશા રાખવામાં આવી છે. અમો પણ પવિત્ર ભાગવતી દીક્ષા સામે કોઈપણ ઠરાવ થાય તેમાં ખુશી નથી. યુવક સંઘે અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ અટકાવવાજ ફકત વીનતિ કરી છે. અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ કોઈપણ રાજ્ય પસંદ કરે તેમ નથી.

ઠરાવ બીજામાં "યુવક સંઘ વગેરે ટીરકાનો હોઈ તેના ઉદ્દેશ જૈન શાસ્ત્ર વીરૂદ્ધ હોવાથી એની પ્રવૃતિઓ પ્રભુ મહાવીરની આજ્ઞામાં રહેલ શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘને બીલકુલ માન્ય નથી." મુઠ્ઠીભર જૈનોને શ્વે. મૂ. પૂ. સંઘને નામે ઠરાવ કરવાનો કશો હક છેજ નહિ. શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ શું માને છે તેનાથી સમાજ અજાણ નથી. 'યુવક સંઘ વગેરે ટીરકાનો હોઈ તેના ઉદ્દેશ શાસ્ત્ર વીરૂધ્ધ છે' કેવી હસવા જેવી દલીલ. એક વ્યકિત અમદાવાદની હોય અને તે ગુજરાતની કોઈ સંસ્થામાં દાખલ થાય એટલે તે શું અમદાવાદી મટી જાય ખરી? શાસ્ત્ર વિરૂધ્ધની બૂમો પાડવાથી કોઈ માનવાનું નથી. તેવી ખાલી બૂમોની અસર હવે રહી નથી.

—શ્રી ભગવાડા (સુરત) જૈન યુવક મંડળના સેક્રેટરી લખી જણાવે છે કે "આપના તરફથી યુવક પરીષદ ભરવાનો વિચાર કરવામાં આવ્યો છે તેને હમો અંતઃકરણ પુર્વક ટેકો આપીએ છીએ.........યુવક પરીષદ જેમ બને તેમ તાકીદે ભરી હાલના અસંતોષ ભરેલા વાતાવરણના સવાલ પ્રથમ હાથ ધરવા અને બીજી બાબતને હાથી દેવા બનતું કરવા અમારી ભલામણ છે".

આ ઉપરોક્ત મંડળ સુરત જીલ્લામાં પારડી તાલુકામાં આવેલું છે. તેના મુખ્ય ઉદ્દેશો સામાજીક ઉન્નતી, કેળવણી અને ધાર્મિક શીક્ષણ માટે બનતું કરવાનો છે. આવી રીતે સ્થળે સ્થળના મંડળો પોતાના વિચારો લખી મોકલશે એવી આશા રાખવામાં આવે છે.

—સંવત ૧૯૮૬ ના નવા વરસની મેનેજીંગ કમીટીની પહેલી મીટીંગ તા. ૧૮-૧૨-૨૯ ને રોજ જનરલ મીટીંગનું કામ પુરૂં થયા પછી મળી હતી. પ્રમુખસ્થાન શ્રીયુત મણીલાલ મોકમચંદ શાહને આપવામાં આવ્યું હતું. પ્રથમ નીચેના પાંચ સભ્યોને કાર્યવાહક સમિતિના સભ્યો તરીકે કોઓપ્શનથી ચુંટી કાઢવામાં આવ્યા.

સાંકળચંદ જે. શાહ. ભીખાભાઈ જુદરભાઈ કોઠારી.
વલભદાસ ફુલચંદ મહેતા. ઠાકરદાસ પી. શાહ.
મહાસુખલાલ હરગોવન દોશી.

બાદ નવી પ્રચાર સમિતિની નિમણુંક કરવામાં આવી.

પત્રિકા ચાલુ રાખવાનું તથા તેને માટે લવાજમ નક્કી કરી મીટીંગ બરખાસ્ત કરવામાં આવી.

—જામનગરના સમગ્ર જૈન સંઘે સાગરાનંદસૂરીને સાધુ તરીકે નહિં સ્વીકારવાનો નીચે મુજબ ઠરાવ કર્યો છે.

**ઠરાવ.**

" તેઓને ( સાગરાનંદ સૂરીને ) હવે પછી શ્રી સંઘે જૈન સાધુ તરીકે ગણવા નહિં અને તેમનો સાધુ તરીકે સ્વીકાર પણ કરવો નહિં. વળી અહીંનો સંઘ સર્વે જૈન સાધુ મુનિ મહારાજ સાહેબોને ભાર પૂર્વક વિનંતિ કરે છે કે, ( સાગરાનંદ સૂરિને ) તથા આજે સંઘના પરાપૂર્વથી ચાલતા બંધારણ વિરૂદ્ધ જાહેર થયેલા નવ દિક્ષીતને પણ તેઓએ સાધુ તરીકે લેખવા નહીં અને તેમની સાથે સાધુ તરીકેનો વ્યવહાર રાખવો નહિં."

જામનગરના સંઘે અન્ય સ્થળોના સંઘોને આ ઠરાવને અનુસરવા નમ્ર વિનંતિ કરી છે.

ઉપરોક્ત ઠરાવને લગતોજ ઠરાવ શ્રી ટંકારા મહાજને પણ કર્યો છે અને વધુમાં ( ટંકારાના ) નામદાર મહારાજા સાહેબને તથા નામદાર જામ સાહેબને તથા સમસ્ત કાઠીયાવાડના જૈન ભાઈઓને વિનંતિ કરી છે કે આવા સાધુને કાઠીયાવાડમાં દાખલ કરવા પરવાનગી નહિં આપવા તેમજ તેમની ( સાગરાનંદસૂરિ ) સાથે કોઈ પણ જાતનો વ્યવહાર નહીં કરવો કારણ ટંકારાના સેવા સમાજે બહાર પાડેલ નીચેની વીગતો ઉપરથી સમજાશે.

ટંકારાના રહીશ જમનલાલ તારાચંદ નામના એક સગીર વયના છોકરાને ભોળવીને તેને ( મહારાજશ્રીના દર્શન કરવા ગયેલો ત્યાંથી ) ગુમ કર્યો અને અમદાવાદના કોઈ ગૃહસ્થ ઉપર ખર્ચીની સગવડતા કરી આપવા કાગળ લખી આપ્યો **અને આ બાબત છુપી રાખવા કહેલ.**

બીજું તેઓના તરફથી બહાર પાડેલ તા. ૧૪-૧૨-૨૯ ના મુંબઈ સમાચારમાં તેઓ જણાવે છે કે છોકરો ભાગી છે પરંતુ છોકરાની જુબાની લેતાં તે ભાગી કે સવાઈગંજ બીલકુલ ગયો નથી તેમ જણાયું છે.

મજકુર જમનલાલ પાસે જામનગર તા. ૧૦-૧૨-૨૯ ના રોજ પત્ર લખાવે છે જેમાં ગામ રાજકોટ તા. ૧૧-૧૨-૨૯ લખાવે છે. આવા સાધુઓ પડદા પાછળ કેવા કેવા પ્રપંચો રમે છે તે ઉપરની હકીકતથી સમજાશે. વધુમાં સ્થળે સ્થળના મંડળો તથા શ્રી સંઘો આ બાબતને અંગે યોગ્ય કરશે તેવી આશા રાખીયે છીએ.

## જૈન કોમનો ચળકતો હીરો ગુમ.

અમોને જણાવતાં અતિ દીલગીરી ઉત્પન્ન થાય છે કે જામનગરના વતની, અને સમગ્ર જૈન કોમમાં જાણીતા પંડિત અને સાહિત્યકાર પંડિત હીરાલાલ હંસરાજ પોતાની ૫૭ વર્ષની ઉંમરે અચાનક હૃદય બંધ પડી જવાથી માગસર વદ ૩ ના રોજ સ્વર્ગવાસ થયા છે.

મરહુમે પોતાની બાલ્યવયથીજ આત્મારામજી મહારાજના શિષ્ય ચારિત્રવિજયજી ( ખાખા ) પાસે તથા જામનગરના વિદ્વાન શાસ્ત્રી મહામહોપાધ્યાય હાથીભાઈ પાસે સંસ્કૃત ભાષાનું તથા જૈન શાસ્ત્રો સંબંધી જ્ઞાન મેળવ્યું હતું. તેઓએ તે જ્ઞાનનો ઉપયોગ જુના જૈન શાસ્ત્રો જે અપ્રસિદ્ધ દશામાં પડયા હતા તે છપાવી પ્રગટ કરવામાં કર્યો હતો, તેણે જૈન કોન્ફરન્સ તરફથી જેસલમીર જઇ ત્યાંના અસંખ્ય હસ્તલિખિત પુસ્તકોની સંપૂર્ણ ટીપ ઉતારવાનું કામ ઘણીજ મુશ્કેલીથી પાર ઉતાર્યું હતું. ત્યારબાદ તેણે પુસ્તકો પ્રસિધ્ધ કરવાની જરૂર જોઇ અને તેથી પોતાના ધંધાની દિશા તે તરફ વાળી. અને સ્વપરના શ્રેય માટે તેમના તરફથી પ્રસિધ્ધ થયેલાં લગભગ ૨૦૦ જૈન મહાન ગ્રંથો તેની કાર્ય શક્તિની સાક્ષી આપે છે.

તેઓને ન્યાયાંભોનિધિ આત્મારામજી મહારાજ અને તેમના પરિવાર પ્રત્યે સંપૂર્ણ ભક્તિભાવ હતો અને તેને અંગે અનેક અલંકારોથી ભરપુર કાવ્યોવાળું આત્મારામજી મહારાજનું જીવન ચરિત્ર લખ્યું છે તેમજ જૈન પ્રાચીન ઇતિહાસની શોધખોળોમાં પણ તેણે ઘણો સારો ભાગ લીધો છે. તે ઉપરાંત પ્રહેલી રૂપ ચરિત્ર વિગેરે નાના મોટા ઘણા પુસ્તકો પોતે રચ્યાં છે.

છેવટ હાલમાં અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિ જે ચાલી રહી છે, તેના તેઓ કટ્ટા વિરોધી હતા, અને સાગરાનંદસૂરિ દીક્ષા મત ખંડન નામનું નાનું પુસ્તક બહાર પાડી સચોટ પ્રતિકાર કર્યો હતો, અને તેઓ વૃદ્ધ છતાં યુવક સંઘ અને તેની પ્રવૃત્તિઓ તરફ સંપૂર્ણ સહાનુભૂતિ બતાવતા હતા, એટલુંજ નહિ પણ પોતાની વિદ્વતાની સેવા અર્પવા અહોનિશ તૈયાર રહેતા. હાલમાં પણ તેઓ છેવટની ઘડી સુધી અયોગ્ય દીક્ષા વિરૂદ્ધ એક પુસ્તક લખી રહ્યા હતા. પરંતુ કમભાગ્યે તે પુસ્તક અધુરું લખાયું છે ત્યાં તો અચાનક હૃદય બંધ પડવાથી કાળને વશ થયા. મરહુમ પોતાની પાછળ ૪ પુત્રો આદિ વિશાળ કુટુંબ મુકી ગયા છે. વિશેષમાં તેમના પુત્રોને પ્રથમ હીરાલાલભાઈના વૃદ્ધ પિતાજી હંસરાજભાઇનો સ્વર્ગવાસ થયે હજી ૨૦ દિવસ થયા છે ત્યાં પંડિત હીરાલાલભાઇના અચાનક સ્વર્ગવાસથી જે બે ફટકા પડયા છે તેને માટે તેમને આશ્વાસન આપી મરહુમના આત્માની શાંતિ ઇચ્છીએ છીએ.

## સુચનાઓ.

(૧) પત્રિકા હવે પછી દર સોમવારે પ્રગટ થશે.

(૨) નવું વર્ષ જાનેવારી તા. ૧ લી ૧૯૩૦ થી ગણવામાં આવશે.

(૩) વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સાથે રૂા. ૨) લેવામાં આવશે.

(૪) યુવક સંઘના સભ્યો પાસેથી પત્રિકાના લવાજમ તરીકે રૂા. ૧) લેવામાં આવશે.

(૫) છુટક નકલ સ્થાનિક અડધા આનામાં મળી શકશે.

(૬) પત્રિકા માટે યોગ્ય સમાચારો મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

(૭) પત્રિકા સબંધી સઘળો પત્ર વ્યવહાર નીચેને સરનામે કરવો ( જમનાદાસ અમરચંદ ગાંધી, ૧૮૦, વસીવાલા બીલ્ડીંગ, જકરીયા મસજીદ, મુંબાઈ. )

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબાઇ, નં. ૨

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રીઃ—જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું<br>અંક ૧ લો. | સંવત ૧૯૮૬ ના માર્ગશીર્ષ વદી ૦)) સોમવાર<br>તા. ૩૦-૧૨-૨૯ | લવાજમ છુટક નકલ<br>અડધો આનો. |

## યુવકોને આહ્વાન.

બંધુઓ !

આજે સારોયે સમાજ પરિવર્તન થાયી રહ્યો છે, તેની ચારે તરફ ક્રાંતિનાં પૂરે ફરી વળ્યાં છે, સ્થિતિચુસ્તતા અને ધર્માંધતાની દિવાલો જમીનદોસ્ત થતી જાય છે, સારીયે આલમમાં પરિવર્તનયુગનો ઉદય થઇ ચૂકયો છે, આ પરિવર્તન યુગમાં યુવકો ઉપર મહાન જવાબદારી આવી પડી છે. સૌથી પહેલાં તો આજે યુવક શકિતનો ભિન્ન ભિન્ન સ્થાનોમાં નિરર્થક હ્રાસ થઇ રહ્યો છે, તે ન કરતાં સમગ્ર સમાજની યુવક શકિતને એકત્રિત કરી પ્રચંડ શકિત ઉત્પન્ન કરવાની ખાસ અગત્ય છે. યુવક એટલે સંયમી યોધ્ધો તેનામાં અઘટિત ઉદ્ધતાઇ ન શોભે, યુવક એટલે બળવાખોર પણ તે અજ્ઞાનતા, રૂઢિચુસ્તતા, અને સમાજોન્નતિબાધક તત્વો સામે. યુવક એટલે સમાજનું નૂર, જે સમાજમાં યુવાન લોહી નથી વહેતું એ સમાજ, સમાજ નહિ પરંતુ હાડકાંનો ઢગલો કહીએ તો જરાએ અતિશયોકિત નહિ થાય. યુવક શકિતનું માપ ઉંમર ઉપર નથી પરંતુ કાર્ય ઉપર છે. ૨૫ થી ૩૦ વરસની ઉંમરનો એક માણસ કે જેમા બીલકુલ ઉત્સાહ ન હોય, અને પોતાની શક્તિનો કશો સદ્ઉપયોગ ન કરે, તો તેવા માણસને યુવક કહેવો એ વાંધા ભરેલું છે, પરંતુ ભલે ૬૦ થી ૭૦ વરસનો વૃદ્ધ ( old man ) હોય છતાં તેનામાં ઉત્સાહ હોય કાર્ય કરવાની ધગશ હોય અને પરિવર્તન યુગને અનુસરીને સમાજોત્કર્ષ સાધવાની ભાવના હોય તો તે યુવક છે, એમ હું માનું છું આવા યુવાનોને જુને ચીલે ચાલવાનું પસંદ ન હોય. તે તો સલામત અને સરળ માર્ગ શોધે, સમાજોન્નતિ માટે મરી ફીટવાનું પણ પસંદ કરે.

આજે સમાજમાં અનેક પ્રશ્નો ખડા છે જેનો હજુ સુધી ઉકેલ થયો નથી, જેવાકે દીક્ષાનો મહાન પ્રશ્ન, બેકારીનો પ્રશ્ન, બાળલગ્ન અને વૃદ્ધલગ્નનો પ્રશ્ન, સંઘ સત્તા, અને તેવા નાના મોટા અનેક પ્રશ્નો અણુઉકેલાએલા પડયા છે. તેનો વ્યવસ્થિત તોડ કાઢવો જોઇએ અને તે યુવકોજ કરી શકે તેમ છે. આ પ્રશ્નો યુવકોએ પહેલી તકે હાથ ધરવાની જરૂર છે.

રાષ્ટ્રીય બાબતોમાં તો આપણે ઘણાજ પછાત છીએ જ્યારે સમસ્ત રાષ્ટ્ર એકત્ર થઇને પરાધીનતાની ધૂંસરી ફગાવી દઇ સ્વતંત્ર થવાને મરી ફીટવા પણ કટિબધ્ધ થઇ રહ્યું હોય ત્યારે આપણને ઉજમણાં, જમણવાર, રંગરાગ કે સંઘ કાઢવાનું કેમ શોભે એ સમજી શકાતું નથી. પરાધીન રાષ્ટ્રોનાં સમાજોએ કદિએ ઉન્નતિ કરી હોય તેમ સાંભળ્યું છે? જૈન સમાજની જ્યારે જ્યારે ઉન્નતિ થઇ છે, ત્યારે રાષ્ટ્રની લગામ જૈનોનાજ હાથમાં હતી એ ભૂલવું જોઇતું નથી. રાષ્ટ્રસ્વાતંત્ર્ય વગરની 'ઉન્નતિ'એ ઉન્નતિ નથી પણ અવનતિનું મૂળ છે, એટલે આપણે જો ઉન્નતિના ઉપાસક હોઇએ તો આંતરિક ઝગડાઓને બાજુએ મૂકી રાષ્ટ્રની સ્વતંત્રતામાં ફાળો આપવાની જરૂર છે.

સમગ્ર જગતમાં આજે ક્રાંતિની ઉદ્‌ઘોષણા થઇ રહી છે, સ્થળે સ્થળે એક હથ્થુસત્તાનો નાશ થઇ રહ્યો છે, રાષ્ટ્રીય પરાધિનતાની જંઝીરો તોડી સ્વતંત્ર રાષ્ટ્રો થઇ રહ્યાં છે, અને સ્વતંત્રતા પ્રાપ્ત કર્યા પછીજ સામાજીક બાબતનો ઉકેલ થઇ રહ્યો છે, આજનું તુર્કી તેને માટેનો પુરાવો છે. રશીઆએ પણ એજ પસંદ કર્યું છે. અને ભારત પણ પોતાની સિધ્ધિ માટે કદાચ એજ રસ્તો ગ્રહણ કરે તો તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

સ્વતંત્રતા મેળવવી એ સુગમ નથી. તેમાં તો મોંઘામૂલાં અનેક બલિદાનો આપવાં પડે છે, સત્તાપ્રિય નરરાક્ષસો અનેક નિર્દોષોની કતલ ચલાવે છે, અને સ્વાતંત્ર્ય દેવીનું ખપ્પર લોહીથી તરબોળ કરી નાંખે છે સ્વાતંત્ર્યના ઉપાસકો એ કસોટીમાંથી પસાર થવા છતાંએ જ્યારે પોતાના ધ્યેયમાં અડગ રહે છે ત્યારેજ સ્વાતંત્ર્ય દેવી વરમાળા આરોપે છે. રશીયા, તુર્કસ્તાન, આયર્લાંડ અને ચીનના સ્વતંત્રતાના ઇતિહાસ જ્યારે વાંચવામાં આવે ત્યારેજ સ્વાતંત્ર્યના માટે કેવા ભોગો આપવાની જરૂર છે તેનો આછો ખ્યાલ આવી શકે. હવે વાતો કરવાનો જમાનો ચાલી ગયો છે પરંતુ કરી બતાવવાની જરૂર છે. આમ પરિવર્તન યુગમાં યુવકોએ પોતાનું ધ્યેય નક્કી કરી એ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે વ્યવસ્થિત કાર્યમાં લાગી જવું જોઇએ.

—: મયૂર.

# દેવદ્રવ્ય.

## ( ૬ )

આપણે દેવદ્રવ્યના ઉપયોગ વિસ્તાર સંબંધમાં એક મર્યાદા સ્વીકારી કે અત્યાર સુધી એકઠું થયેલું દ્રવ્ય જે સંકેતથી એકઠું થયું છે તે પ્રમાણેજ વાપરવું. આનો અર્થ એમ તો ન જ કરાય કે તે દ્રવ્યમાંથી અત્યારે જે વ્યવહાર સમારંભ ચાલ્યા કરે છે તે ચાલવા દેવો. તે તો હવે બની ન જ શકે. આવુ વ્યવહાર સમારંભની અતિશયતા તો છોડવીજ જોઇએ. એકત્રિત થયેલા દ્રવ્ય સંબંધે ભિન્ન ભિન્ન મંદિરોનો પરિગ્રહ-મોહ છુટવો જોઇએ. ખરી રીતે તો આણંદજી કલ્યાણજી જેવી અનેક મંદિરોનો વહીવટ ચલાવતી સંસ્થાને આવું દ્રવ્ય સુપ્રત થવું જોઇએ. આ દ્રવ્યમાંથી પૂર્વકાળની કળાના અનુપમ નમુનારૂપ અત્યારે જર્જરિત થયેલાં અનેક જૈન મંદિરો તેમજ તીર્થસ્થાનો સમરાવવા જોઇએ તથા સુવ્યવસ્થિત બનાવવા જોઇએ, તેમજ જે જે ગામોમાં જિનમંદિરનો સર્વથા અભાવ હોય ત્યાં ત્યાં સુન્દર છતાં સાદું જિનાલય બાંધી આપવું જોઇએ. આવી રીતે એકત્રિત થયેલા દ્રવ્યનો પૂર્વ સંકેતને બાધ ન આવે છતાં તે પડયું પણ ન રહે અથવા તો મૂર્તિપૂજાની અતિશયતાને ન પોષે તેવી એક યા અન્ય પ્રકારની કોઇ પણ યોજના વિચારી શકાય.

જો ઉપર જણાવ્યા મુજબ પુનર્ઘટના સ્વીકારવામાં આવે તો જિનમંદિરની જનસમાજમાં કેટલી બધી પ્રતિષ્ઠા વધે ! જેવી રીતે જિનાલય સર્વ કોઇને માટે ખુલ્લું હોય છે તેવીજ રીતે પ્રસ્તુત દેવદ્રવ્ય જનસમાજની કોઇ પણ આવશ્યકતાને પહોંચી વળવાને તૈયારજ હોય. દુષ્કાળ હોય, મહામારી હોય, અજ્ઞાનનિવારણનું કાર્ય હોય કે દલિતોદ્ધારનું કાર્ય હોય–કોઇ પણ જનસેવાના કે પ્રાણીરક્ષાના કાર્યમાં જિનમંદિર પોતાનો હાથ લંબાવી શકે. પછી જિનમંદિર અનેક પ્રકારની વહેમોને પોષનારી, અંધશ્રદ્ધા ફેલાવનારી કે અન્ય સાર્વજનિક કાર્યોની પ્રગતિનો રોધ કરનારી સંસ્થા મટી જાય. એ જિનમંદિરના સ્થંભો વધુ સ્થિતિચુસ્ત અને સુધારક ઉભય મળીને બનાવી શકે. જેવી રીતે અવ્યવસ્થિત રીતે વહેતા અનેક પ્રવાહોને કોઇ સરોવરમાં એકત્રિત કરીને ઉપયોગી અને નિયત માર્ગે તે જળસંગ્રહને વહેતો કરવામાં આવે તેવી રીતે જિનમંદિર ભિન્ન ભિન્ન માર્ગેથી આવતાં દ્રવ્યઝરણાઓને એકત્રિત કરીને જનહિતના નિયત માર્ગે વહાવી શકે. આ પ્રકારની જિનમંદિરની પુનર્ઘટનામાં જૈન ધર્મનો પણ ઉત્કર્ષ રહેલો છે. જે ધર્મના મંદિરનો વ્યવહાર આવી વિશાળ ભાવના ઉપર રચવામાં આવે તે ધર્મની અસાધારણ વિશાળતા જાણ્યે અજાણ્યે સૌ કોઇને આકર્ષ્યા વિના રહે નહિ. જૈન ધર્મ સર્વ મંગળોનું માંગલ્ય છે, અને સર્વ કલ્યાણનું કારણ છે અને તેથી સર્વ ધર્મોમાં પ્રધાન છે એવું જૈન ધર્મનું પ્રભુત્વ આવી પુનર્ઘટનાથી સમસ્ત જનતાને સુમાન્ય બને

આ દેવદ્રવ્યનો પ્રશ્ન માત્ર જૈન સમાજનેજ લાગુ પડે છે તેમ નથી. અન્ય સંપ્રદાય કે ધર્મના મંદિરોમાં થતી આવકની પણ એક સરખીજ દશા થાય છે. શ્રીનાથજી જાઓ કે જગન્નાથપુરીમાં જાઓ. વૈષ્ણવોની હવેલીઓ જુઓ કે દક્ષિણ હિંદુસ્થાનમાં લાખો રૂપિયાની આવકવાળા મંદિરોમાં થતાં દ્રવ્યવ્યયનો વિચાર કરો. ભોગના નામે કે શણગારના કારણે, વરઘોડા કાઢવામાં કે બાદશાહી જમાડવામાં–આવી અનેક રીતે દેવદ્રવ્યનો સતત ધુમાડો થયા કરે છે. ખરી રીતે આ પ્રશ્ન અખિલ ભારતવર્ષનો છે. કોઇપણ સમજુ વિવેકી પ્રજા પોતાના દ્રવ્યનો આવો વ્યય થવા દે જ નહિ. આજે હિંદુસ્થાનના સમસ્ત મંદિરોની મીલકત અને આવક એકઠી કરવામાં આવે તો તેમાંથી રાષ્ટ્રીય કેળવણીનો આખો પ્રશ્ન ઉકલી શકાય એટલુંજ નહિ પણ અનેક સામાજિક ઉદ્ધારની મહાભારત યોજનાઓ અમલમાં મુકી શકાય. તેથી એક વખત અખિલ ભારતવર્ષની પ્રજા સમગ્ર ઉદ્ઘોષણા કરવાનો વખત આવશે કે 'કાં તો દેવમંદિરની આવક દેશને કારણે ધરો નહિ તો દેવમંદિરો બંધ કરો.' શ્રીનાથજીને લાખો રૂપિયાનો ભોગ ધરવામાં આવે છે, અનેક નિરૂદ્યમીને વિના શ્રમે મિષ્ટાન્ન અને પકવાન્ન મળ્યે જાય છે અને એમ છતાં દેશનું દારિદ્ર તો દિન પ્રતિદિન વધતુંજ જાય છે. એજ શ્રીનાથજીને ધરાતા ભોગદ્રવ્યનો વિવેકપુરઃસર વ્યય કરવામાં આવે તો દેશનું કેટલુંએ દારિદ્ર ઓછું થાય. તેથી આ પ્રશ્ન મૂર્તિમંદિરના પક્ષકાર દરેક વિચારકે અને અગ્રેસરે ઉપાડી લેવાની જરૂર છે.

જૈન સમાજના સંબંધમાં આ પ્રશ્ન બે રીતે વિશેષ ધ્યાન ખેંચે તેમ છે. જે પ્રમાણે દેવદ્રવ્યનો અન્યથા ઉપયોગ જૈનોમાં શાસ્ત્રોથી અને પ્રથાથી નિષિદ્ધ છે તેવો સખ્ત નિષેધ અન્યત્ર શ્રવણગોચર થતો નથી. તેથી પ્રસ્તુત નિષેધની વાડ તોડવાનું કામ જૈન સમાજને જરા વધારે કઠણ પડે તેમ છે. બીજી બાજુએ મૂર્તિના સ્વરૂપને બાધક બને તેવી રીતે જૈનોજ પોતાની દેવમૂર્તિને શણગારવા પાછળ ખૂબ ધન ખરચે છે. વળી આરંભ–સમારંભમાં રહેલ હિંસાદોષને મંદિર વ્યવહાર કે ધાર્મિક ઉત્સવોના પ્રસંગે જૈનો ઘડિકમાં ભુલી જાય છે. આ પ્રમાણે જિનમૂર્તિને સ્વરૂપ પ્રાપ્તિ અને મંદિર વ્યવહારમાં આરંભ–સમારંભનું બને તેટલું વિરમણ પ્રત્યેક વિવેકપરાયણ જૈનને ધર્મ રૂપે પ્રાપ્ત થાય છે.

આટલી લાંબી ચર્ચાના પરિણામે જો દેવદ્રવ્યનો ઉપયોગ-વિસ્તાર સ્વીકારયોગ્ય લાગતો હોય તો તે સ્વીકાર શી રીતે કરાવવો તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે. આ વિષયમાં ખાલી વાતો કર્યે કરો પણ ફેરફાર નિપજી શકે તેમ છેજ નહિ. જેમણે આજે યુગપરિવર્તનનું બીડું ઝડપ્યું છે તે યુવકોએ આ હીલચાલ જોસભેર ઉપાડી લેવાની જરૂર છે. સ્થળ સ્થળના યુવક સંઘોએ નીચે પ્રમાણે અથવા તો નીચેના અર્થનો ઠરાવ પસાર કરવો જોઇએ.

"દેવદ્રવ્યનો ઉપયોગ શી રીતે કરી શકાય તે વિષે અત્યાર સુધી જે સંકેત સ્વીકારવામાં આવ્યો છે તેમાં વર્તમાન કાળની જરૂરિયાતો વિચારતાં જૈન ધર્મ તેમજ મંદિરની સંસ્થાના અસ્તિત્વ ખાતર તાત્કાલીક ફેરફાર કરવાની જરૂર ઉભી થઇ છે એમ અમને લાગે છે અને મંદિર અને મૂર્તિને લગતો ખર્ચ બને તેટલો ઘટાડીને જનકલ્યાણના કોઇ પણ કાર્યમાં તે દ્રવ્ય ખરચી શકાય એવી અમે માન્યતા ધરાવીએ છીએ."

આ પ્રમાણે હીલચાલ શરૂ કર્યા બાદ જેની જેની જે જે ગામ યા શહેરના સંઘોમાં લાગવગ હોય તેણે તેણે તે તે ગામ યા શહેરના સંઘોમાં પોતાની લાગવગ તેમજ શક્તિનો ઉપયોગ કરીને ઉપર જણાવ્યા મુજબ ફેરફારનો સ્વીકાર કરાવવો અને આ દિશાએ બહું કાર્ય બને તેટલી સમજાવટથી

લેવું અને લોકોનો અભિપ્રાય કેળવવા તથા વાળવા બનતા પ્રયત્નો કરવા અને એમ છતાં પણ છેવટે જે સંઘો મૂળ પ્રથાને અક્ષરશઃ વળગી રહેવા માંગે અને પોતાની હઠ કોઇ પણ રીતે ન છોડે તે સંઘને આધીન મંદિરોમાં દરેક જૈને જરા પણ આર્થિક ટેકો નહિ આપવાની પ્રતિજ્ઞા લેવી. આ રીતે કામ લેતાં જરૂર ધ્યેયસિદ્ધિ થશે, દેવદ્રવ્યને મુક્તિ મળશે, જિન મૂર્તિ મૂળ સ્વરૂપને પામશે, દેવ મંદિરો સાદાઇ અને પવિત્રતાના ધામ બની જશે અને અનેક કલ્યાણકારી સામાજિક સંસ્થાઓમાં દેવદ્રવ્યના સીંચનથી નવા પ્રાણ પુરાશે.

[સમાપ્ત.] પરમાનંદ.

## અયોગ્ય દીક્ષા અને યુવક સંઘ.

(લેખક—રા. સમાજ સેવક.)

**જૈન** યુવક સંઘોને સમાજમાં ઉતારી પાડવાના હેતુથી આજકાલ સંગેમેન્સ સોસાઇટી તરફથી ઇરાદાપૂર્વક ખોટી ગુલબાંગો ઉડાડવામાં આવે છે કે યુવક સંઘ એ દીક્ષા વિરોધી મંડળ છે, અને જૈન શ્વે. મૂર્તિપૂજક સંસ્થા નથી. મુંબઇ **જૈન** યુવક સંઘ કે જેનો મેમ્બર હોવાનું મને માન છે, તેના સંબંધમાં જાણી જોઇને ફેલાવવામાં આવતી ગેર સમજુતી દૂર કરવાનું હું ઉચિત સમજુ છું.

ઉપર મુજબ ફેલાવવામાં આવતી વાતો તદ્દન ઉપજાવી કાઢેલ અને સત્યથી સદંતર વેગળી છે, અને તે કોઇપણ સમજુ માણસ સ્વીકારી શકે નહિ. ખરી હકીકત એ છે કે મુંબઇ **જૈન** યુવક સંઘ પવિત્ર ભાગવતી દીક્ષાનો ખાસ હિમાયતી છે, અને તેવા દીક્ષિતો તરફ શીર ઝુકાવે છે એટલુંજ નહિ પણ તેવાઓ તરફ સંપૂર્ણ માનની નજરે જુવે છે. અલબત્ત યુવક સંઘ અયોગ્ય દીક્ષાનો વિરોધી છે, અયોગ્ય દીક્ષાનો અર્થ હું જ્યાં સુધી સમજી શક્યો છું ત્યાં સુધી નીચે મુજબ છે:—

સગીર ઉમરના માણસોને દીક્ષા આપવી નહિ, પતિની બાબતમાં પત્નીની, પત્નીની બાબતમાં પતિની, પુત્રની બાબતમાં માતા પિતાની, માબાપની બાબતમાં પુત્રની, એ મુજબ કુટુંબી જનોની રજા વગર દીક્ષા આપવી નહિ. દીક્ષાનો ઉમેદવાર જે ગામનો હોય અને જે ગામમાં દીક્ષા આપવાની હોય તે બન્ને ગામોના સંઘની રજા લઇને દીક્ષા આપવી, અને તેમાં સંઘનો અર્થ દીક્ષા આપવાની તરફેણ કરે તે સંઘ અને વિરોધ કરે તે સંઘ નહિ પણ હાડકાનો માળો, એવો પોતાને મન માનતો અને મૂર્ખતા ભરેલો અર્થ નહિ કરતાં ઘણો મોટો બહોળો સમુદાય એ અર્થ કરવો. મતલબ કે આજકાલ કેટલાક સાધુઓ દીક્ષા લેનારની યોગ્ય યોગ્યતાની દરકાર કર્યા વગર તેના કુટુંબીઓની રજા મેળવ્યા વગર તેમજ સગીર ઉમરનો હોય તો પણ નસાડી, ભગાડી, સંતાડી, જે આવે તેને મુંડી નાખે છે. તેવી અયોગ્ય દીક્ષાનોજ મુંબઇ **જૈન** યુવક સંઘ વિરોધી છે. જેને માટે સદરહુ સંઘ તરફથી બહાર પાડવામાં આવેલી દીક્ષાની નિયમાવળી મોજુદ છે. આવી દીક્ષા આપનાર સાધુઓની સંખ્યા કોમના સદ્ભાગ્યે બહુ જુજ છે. છતાં તેઓ સમાજમાં મોટો કોલાહલ મચાવી મુકે છે અને કોમમાં કલેશ કંકાશ અને ઝઘડા ઉભા કરી કોમની છિન્ન ભિન્ન દશા કરી મુકે છે. એટલુંજ નહિ પણ કોઇ દરબારે જૈનોના લાખો રૂપીઆઓનું પાણી કરાવે છે. શિષ્યના લાલચુ આવા સાધુઓ, જોઇ શકતા નથી કે આવી રીતના શિષ્ય મુંડનમાં તેઓ સમાજની અને ધર્મની ગેરસેવા કરે છે, એટલુંજ નહિ પણ તેઓના પંચ મહાવ્રતોમાંથી અહિંસા, સત્ય, અસ્તેય એ ત્રણ મહાવ્રતોનો કેવી શરમ ભરેલી રીતે ભંગ થાય છે.

આવા સાધુઓને અયોગ્ય દીક્ષા આપવામાં મદદ કરનારા, કેળવણીના અભાવે જૈન કોમમાં પડેલા છે અને તે મોટા ભાગે શ્રીમંતો અને જુના વિચારવાળા સ્થિતિચુસ્તો હોય છે. પોતાના મતનું સમર્થન કરી શકાય તેવા અપવાદમાર્ગી દાખલાઓ શાસ્ત્રોમાંથી રજુ કરી શિષ્યલોભી સાધુઓ આવા સ્થિતિચુસ્ત જૈનોને ધર્મને નામે ઉંધું ચત્તું સમજાવે છે, અને દીક્ષાથી વિરૂદ્ધ થનારાઓ નરકે જાય છે, તેઓની સદ્ગતિ થતી નથી, વગેરે અટમ પટમ સમજાવે છે અને સદ્ગતિની બનાવટી લાલચે આ મૂર્ખાઓ પોતાની બુદ્ધિને પણ ગીરો મુકી અયોગ્ય દીક્ષા આપવામાં પણ તેવા સાધુઓને મદદ કરે છે. તેઓ બુદ્ધિનો એટલો પણ ઉપયોગ કરતા નથી કે બૈરાંઓને કે માબાપને રંજાડવામાં, કલ્પાંત કરાવવામાં, ઘર ભંગાવવામાં કે આંતરડી કકળાવવામાં તે ધર્મ હોય ખરો? શિષ્યલોભી સાધુઓએ હવે સમજવું જોઇએ કે તમો અમુક માણસોને અમુક વખત સુધી મૂર્ખ બનાવી શક્યા છો અને શકશો પણ આખા સમાજને હમેશને માટે મૂર્ખ બનાવી શકશો નહિ.

સાંજ વર્તમાન, મુંબઇ સમાચાર અને હિંદુસ્તાન પત્રે, અયોગ્ય દીક્ષા વિરૂદ્ધ અગ્રલેખો લખી જૈન કોમની અને જૈન ધર્મની મહાન સેવા બજાવી છે તે ખાતર તેઓને ધન્યવાદ આપી ફરી એકવાર તેવા અગ્રલેખો લખી જૈન સમાજને તેઓ ઉપકૃત કરશે એવી આશા સાથે હું અત્રે વીરમીશ.

## ગુમ થયેલી સધવા બાઇ ગજી.

ધીણોજ (કડી પ્રાંત) થી વીશાશ્રીમાળી શ્રાવક કસ્તુરચંદ ભીખાચંદ લખી જણાવે છે કે મારા હયાત દીકરા નામે મંગળદાસની પરણેતર સ્ત્રી નામે ગજી ઉમર વરસ ઓગણીસની છે તેનો દિવસ પંદરથી પત્તો લાગતો નથી. ચાલુ માગસર શુદ છઠના દિવસે બપોરે ટ્રેનમાં મારા ગામ ધીણોજથી પોતાના પીયર ગામ લીંચ જવાનું નામ દઇ ગયેલી છે. પાછળથી ખબર પડી કે તે ગામ લીંચ ગયેલી નથી પરંતુ કોઇ જૈન સાધુ સાધ્વીની દીક્ષા જાળમાં સપડાવાનું જાણવામાં આવ્યું. તેથી પાટણ, વીજાપુર, અમદાવાદ, મેસાણા, વીસનગર વગેરે સ્થળોએ માણસો મોકલી ખુબ તપાસ કરી પણ તેનો પત્તો લાગતો નથી. તે બાઇ ગજીના બાપનું નામ ગુલાબચંદ માનચંદ છે. માગશર વદિ ત્રીજના રોજ બાઇ ગજીના શીરનામાનો એક પત્ર અમોને ધીણોજ મળ્યો છે. તે વાંચતાં તે પત્ર પાટડીમાં ચોમાસું રહેલ સાધ્વી આણંદશ્રીનો લખેલો છે તેમાં તેને દીક્ષા માટે નસાડવાની ચોખ્ખી ખટપટ જણાઇ આવે છે. માટે આથી દરેક સાધુ સાધ્વીઓને તેમજ દીક્ષાના હિમાયતીઓને ખબર આપું છું કે કોઇએ બાઇ ગજીને દીક્ષા આપવી નહિ, આપશે તે જોખમદાર ગણાશે. તો સદર સધવાબાઇ ગજીની ભાળ મળી આવે તો અગર જો કોઇ તેને છુપી કે જાહેર રીતે દીક્ષા આપતા હોય તો મહેરબાની કરી અમને નીચેના શીરનામે પત્ર લખી ખબર આપશો તો તેનો અમારા ઉપર મોટો ઉપકાર થશે. શેઠ કસ્તુરચંદ ભીખાચંદ, મુ. ધીણોજ (કડી પ્રાંત)

## વટલેલી બ્રાહ્મણી તરકડી કરતાં પણ ભૂંડી.

આ લોકોક્તિ આજે આપણા સમાજના કેટલાક ભાગને અક્ષરે અક્ષર લાગુ પડતી હોય તેમ તેના અત્યારના વર્તનથી જણાય છે. બ્રાહ્મણી જ્યારે બ્રાહ્મણત્વ છોડે છે ત્યારે તે એક હલકટ તરકડી કરતાં પણ ભૂંડા કૃત્યો કરવાવાળી નિવડે છે, તેમ આજે આપણા સમાજમાં જૈનત્વને એપ ચઢી ગયેલો જણાય છે, તેમજ ધર્માંધતા અને ધર્મઝનૂન સિવાય કશુંએ જણાતું નથી. આ બંને બાબતો આપણા જૈનત્વ માટે કુઠારાઘાત છે, તે આપણા જૈનત્વને હણી નાંખે છે, આપણને ઇન્સાનમાંથી હેવાન બનાવે છે. વિચારભેદનું સામ્રાજ્ય ઘણા જુના કાળથી ચાલતું આવે છે પણ તેથી અંગત દ્વેષ કે મારામારીનો પ્રસંગજ ન હોય. વલ્લભીપુર (વળા) માં જ્યારે મહર્ષિ દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમો લખાવવાનો વિચાર કર્યો ત્યારે કેટલાએ આચાર્યો તે સમયમાં જુદી જુદી વાંચનાઓ આપતા હતા. મતલબ કે તેમાં ઘણો મોટો મતભેદ હતો છતાં કોઇએ એક બીજા સામે નાસ્તિક કે અંગારા, ધર્મદ્રોહી કે વિતંડાવાદી, કે પક્ષભેદની દિવાલ કદિએ ઉભી કરી નહોતી, કારણ કે તેઓ એમ સમજતા હતા કે મહાવીરના શાસનમાં ભાગલા પડાવવા કે એકતાનો નાશ કરવો એ શાસન દ્રોહીઓનું કામ છે. અને તેથીજ જૈન સમાજ દિનપરદિન સામાજીક ઉન્નતિમાં આગળ વધતો હતો. આજે એ બીના તદ્દન ભૂલાઇ ગયેલી જણાય છે, અને વિચાર ભેદોને અંગે કહેવાતો શાસન પક્ષ સુધારકોના રોટા પીસવાને પણ તૈયાર થઇ ગયેલો જણાય છે, તેને માટે જામનગર, રાધનપુર, અને પાટણના દૃષ્ટાંતો મોજુદ છે. જૈનોમાં જરા પણ જૈનત્વ હોય તો તે નિરપરાધ માણસને કદિ મારે નહિ, આજે તો એકાદ વ્યકિતમાં રાગાંધ થઇ ગમે તેના ઉપર છુરી ફેરવતાં પણ અંચકો આવતો નથી, આવા જૈનો (!) અને પેલી વટલેલી બ્રાહ્મણીમાં હું જરાએ ફેર જોતો નથી, આવા બંધુઓ તદ્દન રસ્તો ભૂલેલા છે. જ્યારે કોંગ્રેસ જેવી રાજકીય આદર્શવાળી સંસ્થા પણ હિંસામાં સિદ્ધિ માનતી નથી, ત્યારે જૈનો જેવી વ્યાપારિક કોમ વિચાર ભેદને અંગે હિંસક સાધન તરફ વળે એ કોઇપણ રીતે ઇચ્છવા યોગ્ય નથી, પરંતુ જો તેઓ પોતાના વિચારો પ્રમાણે વર્તન કરાવવા માંગતા હોય તો તેમને માટે એકજ માર્ગ રહે છે અને તે પ્રચાર કાર્યનો. પ્રચાર કાર્ય કરી બંધારણ પુર્વક કાર્ય કરે, અને પોતાની બહુમતી મેળવે તેમાંજ તેમની ફતેહ છે. બાકી સમાજના ભાગલા પાડવા અથવા તો વિરૂદ્ધ વિચાર ધરાવનારાઓને સુંદર (!) ટાઇટલોની નવાજેશ કરવી કે પાશવિકતાથી વિચારભેદને દાબી દેવાનો પ્રયત્ન કરવો એ નિર્બળતા છે, ખુલી હારનો એકરાર છે એ ભૂલવું જોઇતું નથી. યુવક સંઘો પાશવિકતામાં માનતા નથી, અને તેમણે પોતાના વિચારોથી વિરૂદ્ધ વિચાર ધરાવનારાઓ ઉપર કદિપણ વિચારભેદને અંગે પાશવિકતાનો ઉપયોગ કર્યો નથી, પરંતુ પોતાના વિચારો અનુસાર લોકમતને કેળવવાનો પ્રયત્ન કરે છે, અને તેમ કરી પોતાની બહુમતિ મેળવવા મથે છે, પરંતુ તેમણે કદિપણ વિરૂધ્ધ વિચાર ધરાવનારાઓ ઉપર ગલીચ અને અસભ્ય ટાઇટલોનો વરસાદ વરસાવ્યો નથી એજ એની મહત્તા છે. આજે જો સમાજનો મોટો ભાગ યુવક સંઘોની તરફેણમાં હોય તો તેનું એકજ કારણ છે કે તેનું કાર્ય હંમેશા બંધારણપુર્વકનું છે, તેની લડત વ્યકિતગત નથી પરંતુ સામાજીક છે, અને તેનો ઉદ્દેશ માત્ર એકજ છે કે સમાજની ઉન્નતિ કરવી એજ કારણથી યુવક સંઘની સ્થળે સ્થળે ફતેહ થતી જોવાય છે. આટલું પ્રાસંગિક વિવેચન કરી હું આશા રાખું છું કે વ્યકિતરાગથી પક્ષપાતના રોગથી પીડાતા અને ગેર રસ્તે દોરવાએલા બંધુઓ કંઇક રાહ ઉપર આવશે, અને પાશવિકતાનો ઉપયોગ ન કરતાં બંધારણપુર્વકનું કાર્ય કરશે.

તટસ્થ.

## વર્તન સ્વાતંત્ર્ય અને યુવક સંઘ.

આજે કેટલાક તરફથી યુવક સંઘ ઉપર એવો આક્ષેપ કરવામાં આવે છે કે "યુવક સંઘ સંઘબહારનું જે અનુમોદન આપે છે તે તેના પ્રતિજ્ઞાપત્રથી વિરૂદ્ધ છે" આ આક્ષેપ તદ્દન નિર્મૂળ છે કારણ કે વિચારભેદને અંગે કોઇને સંઘબહાર કરેલ હોય તે જ યુવક સંઘને માન્ય નથી. બાકી સમસ્ત સ્થાનિક સંઘે મળી પોતાના બંધારણો ઘડયાં હોય અને તેને તોડી પાડવા માટે કોઇ વ્યકિત વિચાર ભેદને અંગે મથે તેવી વ્યકિતને સ્થાનિક સંઘ સંઘબહાર જાહેર કરે તો તેમાં યુવક સંઘને વાંધો ન હોઇ શકે. આમ જો વિચારભેદને અંગે વર્તનભેદ પણ કરવામાં આવે તો દુનીઆનું કોઇ પણ કાર્ય ન થઇ શકે, કાલે ઉઠીને આપણા સમાજમાંનો એક માણસ સમાજના બંધારણની વિરૂદ્ધ જઇ ગેરવર્તણુંક ચલાવે, અને તેથી જો સમાજને નુકશાન થતું હોય તો તે માટે તે વ્યકિત પાસેથી સમાજ જવાબ માંગી શકે છે, તેમાં યુવક સંઘને કંઇ પણ હરકત નથી. કિંતુ તેવું નૈતિકબળ જે સંઘો ધરાવતા હોય તેવાને અભિનંદન કે ટેકો પણ આપી શકે છે, તે યુવક સંઘના બંધારણ વિરૂદ્ધ નથી. વિચારસ્વાતંત્ર્યમાં યુવક સંઘ જરૂર માને છે, પરંતુ વર્તન સ્વાતંત્ર્ય કદિ તે સાંખી શકે તેમ નથી. એક રાજ્યમાં આપણે રહેતા હોઇએ અને તેના કાયદા આપણા વિચારોથી વિરૂદ્ધ હોય, ત્યાં આપણે વ્યકિતગત કાયદાની વિરૂદ્ધ વર્તન ચલાવીએ અને કાયદો આપણને કેદમાં પૂરે પછી કહેવું કે, કેદમાં પૂરવું એ રાજાનો હકજ નથી, એ કોઇ પણ શાણો માણસ કબૂલ કરી શકે તેમ નથી.

## શ્રી તેરમી જૈન શ્વેતાંબર કોન્ફરંસ, જુન્નેર.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરંસનું તેરમું અધિવેશન આવતાં ફેબ્રુઆરી માસમાં પુના નજીક જુન્નેર મુકામે ભરવામાં આવનાર છે. મજકુર અધિવેશનનું પ્રમુખસ્થાન સ્વીકારવા વિનતિ કરવા માટે ત્યાંની સ્વાગત સમિતિ તરફથી એક ડેપ્યુટેશન રાવસાહેબ શેઠ રવજી સોજપાળ પાસે મુંબઇ મોકલવામાં આવ્યું હતું. રાવસાહેબ શેઠ રવજી સોજપાળે ઉકત વિનતિનો સ્વીકાર કરવા કૃપા કરી છે.

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઇ, નં. ૨